mos sir

# અનુક્રમણિકા

બિન સરકારી વિધેયક ક્રમાંક: ૦૫

માન. ધારાસભ્યશ્રી ઇમરાન ખેડાવાલા(જમાલપુર-ખાડીયા)

**ગુજરાત અશાંત વિસ્તારોમાંની સ્થાવર મિલ્કતની તબદીલી પર પ્રતિબંધ મુકવા તથા તે વિસ્તારોમાંની જગામાંથી ભાડૂતોની ખાલી કરાવવામાંથી રક્ષણ આપવા અંગેની જોગવાઇ (રદ કરવા) બાબતનુ બિન સરકારી વિધેયક**

ગુરૂવાર તા.૦૮/૦૨/૨૦૨૪ (બીજી બેઠક) અગ્રતાક્રમ- ૪


| અ.ન. | વિગત | પાન નંબર |
|---|---|---|
| ૧. | બિન સરકારી વિધેયક પરની ચર્ચામાં ભાગ લેનાર સભ્યશ્રીઓની યાદી | ૨ |
| ૨. | માન. રા.ક.મંત્રીશ્રી (ગૃહ) ની સ્પીચ | ૩ |
| ૩. | અગત્યની બાબતો | ૧૭ |
| ૪. | કેબીનેટની નોંધનો મુસદો | ૨૮- |
| ૫. | સન-૨૦૨૦ નો કાયદો | ૩૨ |
| ૬. | માન. સભ્યશ્રીએ રજૂ કરેલ બિન સરકારી વિધેયકની નકલ | ૪૮- |

ગુજરાત વિધાનસભા

**બાળકૃષ્ણ ખંડેરાવ શુકલ**
**(બાળુ શુકલ)**
**મુખ્ય દંડક**
ગુજરાત સરકાર

ક્રમાંક :
**ગુજરાત વિધાનસભા,**
વિઠ્ઠલભાઈ પટેલ ભવન, બીજો માળ,
ગાંધીનગર-૩૮૨ ૦૧૦.
ફોન નં. :(૦૭૯) ૨૩૨૨૦૯૪૮, ૨૩૨૨૪૨૯૬,
૨૩૨૫૩૦૧૮
ફેક્સ નં.:(૦૭૯) ૨૩૨ ૫૪૭૯૫
મો. નં. :૯૮૭૯૫ ૧૫૧૨૮
ઈ-મેઈલ : raopura144@gmail.com
તારીખ : ૦૫-૦૨-૨૦૨૪

માનનીય અધ્યક્ષશ્રી,

નમસ્કાર..

**ગુરુવાર, તા.૦૮મી ફેબ્રુઆરી, ૨૦૨૪(બીજી બેઠક)**ના રોજ હાથ ધરાનાર માન. સભ્ય **શ્રી ઈમરાન ખેડાવાલા**નું સન ૨૦૨૩નું બિન-સરકારી વિધેયક **ક્રમાંક-૦૫ સન ૨૦૨૩નું ગુજરાત અશાંત વિસ્તારોમાંની સ્થાવર મિલકતની તબદીલી પર પ્રતિબંધ મૂકવા તથા તે વિસ્તારોમાંની જગામાંથી ભાડૂતોની ખાલી કરાવવામાંથી રક્ષણ આપવા અંગેની જોગવાઈ(રદ કરવા) બાબત વિધેયક** પરની ચર્ચામાં ભાગ લેનાર સભ્યશ્રીઓની યાદી.

| **ક્રમ** | **માન.સભ્યશ્રીનું નામ** | **મતવિસ્તાર** | **મિનિટ** |
|---|---|---|---|
| ૧ | શ્રી પૂર્ણેશભાઈ મોદી | ૧૬૭-સુરત પશ્ચિમ | ૦૬ |
| ૨ | શ્રી મહેશભાઈ કસવાલા | ૯૭-સાવરકુંડલા | ૦૬ |
| ૩ | શ્રી કૌશિકભાઈ જૈન | ૫૧-દરીયાપુર | ૦૬ |
| **૪** | **શ્રી હર્ષભાઈ સંઘવી** | **માન. રા.ક.મંત્રીશ્રી,** ગૃહ વિભાગ | **૧૫** |

કુશળ હશો.

આપનો સ્નેહાધીન,

**(બાળકૃષ્ણ ખંડેરાવ શુકલ)**
સરકારના મુખ્ય દંડક

પ્રતિ, **માન.અધ્યક્ષશ્રી,** ગુજરાત વિધાનસભા, ગાંધીનગર.

# માન. ગૃહ રાજ્યમંત્રીશ્રીના પ્રવચનના મુદ્દાઓ

માનનીય અધ્યક્ષશ્રી,

" માન્યું હતું કે જીંદગી કેવળ મજાક છે.
સીધા દીઠે છે માર્ગ ત્યા નાજુક વળાંક છે. "

- માનનીય સભ્યશ્રી અશાંતધારાને રદ્દ કરવા માટે જે બીલ લાવ્યા છે એ તો સફળ થવાના જ નથી, પણ મને દયા આ માનસિકતાની આવે છે. પ્રજા દ્વારા એટલી બધી વખત પરાજય પામ્યા પછી આ મારા મિત્રો કેમ સમજતા નથી કે સમાજમાં સંવાદીતા જાળવવી હોય તો આપણે અશાંતી વધારતા તત્વોની સાથે ન રહેવુ જોઈએ.
- મારે માન્ય અધ્યક્ષશ્રી, આ મીત્રોને એ કહેવુ છે કે અમે કોઈ ધર્મના વિરૂધ્ધમા નથી કે આ ધર્મના કે પેલા ધર્મના લોકો મકાન ખરીદે, પણ આ મિલકત ખરીદવાનો હેતુ શો છે....એ જોવુ જોઈએ...
- પણ માનનીય અધ્યક્ષશ્રી આ મિત્રોને જે રીતે અશાંતિ ફેલાવનારા તત્વો છે એમને ઓળખવામાં ભૂલ ન કરવી, કે જેમને ભારત માતાની જય બોલવામાં વાંધો હોય,
- જેમને જયશ્રી રામ કહેવામાં વાંધો હોય,
- જેમને વંદે માતરમ્ બોલવામાં વાંધો હોય એવા લોકોની બ્રીફ લઈને તમે શું કામ ફરો છો? આ ટુકડેટુકડે ગેંગની માનસિકતાથી ચેતી જવું જોઈએ.
- ભારતીય જનતા પાર્ટીની સરકાર તો ઈચ્છે છે કે ભારતમાં બધા લોકો બધે જ બધું ખરીદી શકે અને સુખ શાંતિથી રહે એટલા માટે તો કાશ્મીરમાં ૩૭૦મી કલમ કાઢી નાખી જેના કારણે અનેક રિસ્ટ્રિકશન હતા..... ૩૭૦મી કલમ રદ્દ કરી એ વખતે માનનીય કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી અમિતભાઈનું ભાષણ એક વખત સાંભળી લો, તો ખ્યાલ આવશે કે અમારી વિચારધારા કેવી છે.......
- હું તો એ પછી જન્મ્યો હોઈશપરંતુ ઘણાં વડીલોએ એ દિવસો જોયા છે ૧૯૬૯ અને કોમી તોફાનોના દિવસો જ્યારે એક જ શહેરમાં બે કમ્યુનિટી વચ્ચેનો વિસ્તાર બોર્ડર એરિયા કહેવાય... સાહેબ આ કેવો કેવું વહીવટ જ્યાં એક જ દેશમાં રહેતા લોકો 'બોર્ડર એરિયા' જાહેર કર્યા અમુક વિસ્તારોને ! આવુ બધુ ન થાય અને કોઈ કમ્યુનિટી બીજી

કોમ્યુનિટીને હડપ કરવાની વૃત્તીથી કે ઘુસી જઈને પોતાના ગુનાહીત કામોને વધારવા માટે જો મિલકતો ખરીદતા હોય તો એની સામે લાલ આંખ કરવી એ અમારા પ્રશાસનની ફરજ છે.

- સુરતના મરીઝ સાહેબનો ગઝલનો એક શેર યાદ આવે છે....

**" છતાં પણ ચાલનારાને બહુ તકલીફ લાગે છે,**
**જુઓ તો ખાસ કંઈ ગિરદી નથી ઈશ્વરના રસ્તા પર...."**

- માનનીય આ યુગપુરૂષ નરેન્દ્રભાઈ મોદીનું ભારત છે. અહી તૃષ્ટી કરણ નથી પણ દેશના ૧૪૦ કરોડ પરિવારજનોનું કલ્યાણ જ પ્રાથમિકતા છે. માનનીય નરેન્દ્રભાઈ કહે છે એમ દરેક નાગરિક ભારતીય છે, એનું સન્માન કરીએ... આ ધર્મ કે પેલા ધર્મના ભેદભાવ ભુલ જઈએ...
- અમે ખુરશીના નહીં ભારત માતાના ભક્તો છીએ, અમારા માર્ગદર્શક મોદી સાહેબે તો જગતને વસુધૈવ કુટુંમ્બકમ્ શીખવ્યુ છે.

- શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના નેતૃત્વના કારણે ગુજરાત રાજ્યને શાંત, પ્રગતિશીલ, આર્થિક સદ્ધર રાજ્યનું બિરૂદ મળેલ છે. તેનો સૌથી મોટો શ્રેય ગુજરાતમાં રહેલા કાયદો અને વ્યવસ્થાની સુગમ, સુરક્ષીત અને શાંતિપૂર્ણ પરિસ્થિતી છે.
- સમાન વ્યવહાર, વિચાર, વર્તનવાળા જન સમયુદાયમાં મનોવૈજ્ઞાનિક તણાવ રહેતો નથી. ગુજરાતમા બે દાયકાથી જ્યારથી ભાજપની સરકાર છે, ત્યારથી એક દમ શાંતિ રહે છે. રાજ્ય શાંતિપ્રિય રહ્યુ છે. કોઈ વર્ગ કે સમુદાય જ્યારે એક જુથ થઈને રહેતો હોય ત્યાં કોઈ અન્ય ઈસમનું આગમન થાય અને પરિવાર અસલામતીના ભાવથી પીડાય એ વ્યાજબી પણ નથી. સામાજિક શાંતિને સમર્થન કરતો અને ભવિષ્યમાં અશાંતિ અને અસલામતી ન થાય તે હેતુથી હું આજે આવ્યો છું. વિસ્તારમા વસતા ચોકકસ સમુદાયના લોકોના ધ્રુવીકરણને ખલેલ ન પહોંચે તે માટે આ કાયદો આવશ્યક છે.
- હિંસકતાને કારણે તે વિસ્તારમાંની જાહેર વ્યવસ્થાને નોંધપાત્ર ખલેલ પહોચેલ હોય તે વિસ્તારમાં એક સમુદાયની વ્યક્તિનું ધ્રુવીકરણ થઈ રહ્યુ હોય અથવા થવાની શક્યતા હોય જેને લીધે તે વિસ્તારમાં રહેતી જુદા-જુદા સમુદાયની વ્યક્તિઓનું જનસંખ્યા

વિષયક સમતુલન ખોરવાઈ જવાની શક્યતા હોઈ, અથવા એક સમુદાયની વ્યક્તિઓના સમુહમાં અંધાધુંધી ફેલાવી શાંતિપૂર્વક સુમેળતામાં ખલેલ પહોંચતી હોય તેવા વિસ્તારને અશાંત વિસ્તાર જાહેર કરવાની જોગવાઈમાં સમાવેશ કરવામાં આવેલ છે.

- આવા વિસ્તારને ચોક્કસ સમય માટે અશાંત વિસ્તાર તરીકે જાહેર કરવામાં, પ્રસિધ્ધ કરવામાં આવશે ત્યારે રાજ્ય સરકાર અશાંત વિસ્તાર તરીકે જાહેર થયેલ જાહેરનામું રદ્દ પણ કરી શકશે.
- લોકો, એક જેવો ઉછેર થયા હોય એવા લોકો એક કન્ફર્ટ ઝોનમાં રહેતા હોય છે. પણ જ્યારે એન્ટી સોશિયલ એલીમેન્ટ આ મકાનમાં રહે છે ત્યારે આ કન્ફર્ટ ઝોન ડીસ્કમ્ફર્ટ ઝોન થઈ જાય છે અને ભયનું વાતાવરણ પેદા થાય છે. અમુક સીટી વિસ્તારમાં પણ જોવામાં આવે છે કે દુકાનો ખરીદી લે છે અને એ સમુદાયના લોકો દુકાન ખરીદીને ઘર બનાવી દે છે અને સમગ્ર પરિવાર ત્યાં રહેવા આવી જાય છે. આવી પરિસ્થિતિમાં જ્યારે દુકાનોને નિવાસ્થાનમાં ફેરવી દે છે અને ત્યાં જે વાતાવરણ ઉભુ થાય છે એને લીધે પણ સોશીયલ ઈમ્બેલેન્સનું વાતાવરણ ઉભુ થાય છે.
- પરંતુ સરકારે બદલાતા સમયની માંગ પ્રમાણે, સમાજમાં બનતા બનાવો પ્રમાણે અને ગુનાખોરીના બદલાતા પ્રવાહોને અનુરૂપ જૂના કાયદાઓમાં જરૂરી ફેરફારો કરે છે અથવા તો નવા કાયદાઓ અમલમાં લાવે છે. છેલ્લા અમુક વર્ષોમાં ગુજરાતમાં આપણે શ્રેણીબધ્ધ રીતે કાયદામાં ફેરફારો કર્યા છે. ગુજસીટોક અને લેન્ડ ગ્રેબીંગ જેવા કાયદાઓ લાવ્યા છીએ. કેન્દ્ર સરકારની કક્ષાએ પણ આ કામ થઈ રહ્યું છે.
- આ કાયદો પ્રથમ ૧૯૮૬ માં દાખલ થયેલ બાદમાં ૧૯૯૧ માં નવો એકટ અમલમાં આવેલ છે.
- **કેવા સંજોગોમાં આ કાયદો બનાવવામાં આવેલ હતો ? :**

⇨ સને ૧૯૮૫ના માર્ચ મહિનાના ગાળા દરમિયાન રાજયના અમુક વિસ્તારોમાં રમખાણો થયેલ. પરિણામે એક સમુદાયના ટોળાએ રમખાણ અને હિંસાનો આશરો લીધો હતો અને તેનાથી બીજા સમુદાયના લોકોના વસવાટ કરનારાઓ અને તેમની દુકાનો માનવીય વસવાટ માટે અયોગ્ય બની ગયા હતા.

⇨ પરિણામે અશાંત વિસ્તારોમાં અસલામતિના ભય હેઠળ ઘણી સ્થાવર મિલકતો ઓછી કિંમતે તબદીલ કરવામાં આવી હતી તેથી સ્થાવર મિલકતોની આવી તબદીલી રદ બાતલ કરવા અને આવી કામચલાઉ તબદીલી પર પ્રતિબંધ મૂકવાના હેતુથી સને ૧૯૮૬નો અધિનિયમ કર્યો હતો.

⇨ સને ૧૯૮૬ના વિધેયક સાથે જોડેલા ઉદ્દેશો અને કારણો ઉપર વિધેયક તા.૧૬ ઓગસ્ટ ૧૯૮૬ના રોજ ગૃહમાં થયેલ ચર્ચાઓ જોતાં, એવું તદ્દન સ્પષ્ટ થાય છે કે અશાંત વિસ્તારોમાંની જાહેર જનતામાં તે નિર્દિષ્ટ સમયગાળા દરમિયાન થયેલ રમખાણ તોફાનો અને જુથ હિંસાને કારણે જે અસલામતિનો ભય ઉભો થયો હતો તે હેઠળ સ્થાવર મિલકતોની મોટાપાયે થયેલી તબદીલીને ધ્યાનમાં રાખીને આ જ સન્માનેય ગૃહ દ્વારા આ કાયદો પસાર કરવામાં આવેલ હતો.

**❖ સૌ પ્રથમ તો આપણે એ જોઈએ કે કેવા વિસ્તારને અશાંત વિસ્તાર કહેવો ? તો આ પ્રશ્નનો જવાબ કાયદાની કલમ-૩માં રહેલો છે.**

- આપણે સગવડતા માટે આ કાયદાને 'અશાંતધારા' કહીએ છીએ, પરંતુ આ કાયદાનું આખું નામ જો કોઈ વાંચે તો એ સ્પષ્ટ થઈ જાય છે કે આ તો હકીકતમાં 'શાંતધારા' કહેવાને લાયક કાયદો છે. કારણે કે આ કાયદાનો હેતુ જ રાજ્યમાં શાંતિ જાળવી રાખવાનો છે. રાજ્યના નાગરિકોને કોઈ અન્યાય ન થાય, તેમની મિલકત સલામત રહે, કોઈ કોમી વૈમનસ્ય ન ઊભું થાય તે હેતુથી આ કાયદો ઘડવામાં આવેલ છે અને તેનું પરિણામ આપણી નજર સામે છે.

- રાજયના કોઈ વિસ્તારમાં કોમી તોફાન થાય, અને એવું જણાય કે આવા હુલ્લડ અથવા ટોળાની હિંસાને કારણે તે વિસ્તારની જાહેર વ્યવસ્થાને ખલેલ પહોંચી હતી તો તે વિસ્તારને અશાંત વિસ્તાર તરીકે જાહેર કરી શકાય.

- ✓ આ માટે ઘણી વિચારણા બાદ તંત્ર દ્વારા નિર્ણય લેવામાં આવે છે.
- ✓ પોલીસ રીપોર્ટ પણ મેળવવામાં આવે છે.
- ✓ જે-તે વિસ્તારમાં અગાઉ સમાજની શાંતિ ડહોળાય તેવા બનાવો બનેલ છે કે કેમ તે પણ ધ્યાને લેવામાં આવે છે.
- ✓ આમ એક નિયત પ્રક્રિયા બાદ જ આ અંગે નિર્ણય લેવામાં આવે છે.

આ કાયદા હેઠળ કાયદાની કલમ-૩ થી રાજય સરકાર અશાંત વિસ્તાર જાહેર કરી શકે છે અને જાહેર થયેલ અશાંત વિસ્તારને રદ કરી શકે છે.

- ✓ મતલબ પહેલાં તો એ સ્પષ્ટ થવું જરૂરી છે કે આમાં કોઈ વિસ્તાર કાયમી ધોરણે અશાંત વિસ્તાર તરીકે જાહેર રહેતો નથી.
- ✓ સમય-સંજોગ પ્રમાણે તેમાં ફેરફારને અવકાશ છે.

❖ **બીજું જે આ કાયદાની જોગવાઈઓ છે, તે મિલકત લેનાર અને વેચનાર બંનેના હિતને ધ્યાનમાં રાખીને ઘડવામાં આવેલ છે. કોઈને ગરજનો સોદો ન કરવો પડે, મોંઘી મિલકત પાણીના ભાવે ન વેંચાઈ જાય અને સસ્તી મિલકત માટે આસમાની દામ ન ચૂકવવો પડે તે હેતુથી મિલકતનું હસ્તાતંતરણ નિયંત્રિત કરવામાં આવેલ છે.**

આ કાયદા હેઠળ કાયદાની કલમ-૫ હેઠળ અશાંત વિસ્તારના જાહેરનામાની મુદ્દત દરમિયાન કોઈપણ પ્રકારની સ્થાવર મિલકતની તબદીલી કલેકટરની પૂર્વ મંજુરી વિના તબદીલી કરી શકાતી નથી .

આ કાયદા હેઠળ કાયદાની કલમ-૪ હેઠળ આવા વિસ્તારની સ્થાવર મિલકતની અમુક તબદીલીઓ રદ પણ કરી શકાય છે.

**જે મિલકતની લે-વેચ થઈ હોય,**

- તેમાં કોઈને અન્યાય ન થાય,
- મિલકતની વ્યાજબી કિંમત મળી શકે,
- તે હેતુથી કલેકટર તપાસ અને સુનાવણીની તક આપી
- તબદીલ કરનારની અને તબદીલ લેનારની મુકત સંમતિથી અને વાજબી કિંમતથી સોદો થયેલ છે કે કેમ ?
- તે અંગે કલેક્ટર નિર્ણય કરીને વેચાણને બહાલી આપી શકે છે.

કાયદાની કલમ-૬માં કલેકટરના હુકમથી કોઈ નારાજ હોય તો રાજય સરકારને અપીલ કરવાની જોગવાઈ થયેલ છે.

વધુમાં કલમ ૪ અને ૫ની જોગવાઈઓ લોન મેળવવાના હેતુથી અશાંત વિસ્તારમાં આવેલી કોઈપણ મિલકતની લોન આપનારની તરફેણમાં ગીરો દ્વારા કરેલી કોઈ તબદીલીને લાગુ પડતી નથી.

❖ **આ કાયદામાં કોઈ સ્થળે ભાડે રહેતો હોય તેવા સમાજના છેવાડાના માણસની પણ ચિંતા કરવામાં આવી છે અને તેના હક્કને રક્ષણ આપવામાં આવેલ છે.**

❖ **માન્ય સભ્યશ્રી દ્વારા રજૂ કરવામાં આવેલ બીલ માન્ય ન હોવાના કારણો:**

✓ ઈતિહાસમાંથી બોધપાઠ લઈને આ કાયદો ઘડવામાં આવેલ છે.

✓ કોઈપણ સમાજ કોઈપણ ધર્મના લોકોને અન્યાય ન થાય તેની ચિંતા કરીને આ કાયદો બનાવવામાં આવેલ છે.

✓ આ કાયદાની જોગવાઈઓ મૂજબની પ્રક્રિયા સંપૂર્ણ પારદર્શિતાવાળી છે. તેમાં પૂરતી તપાસ અને રજૂઆતની પૂરતી તક આપવામાં આવે છે.

✓ અત્રે ઉલ્લેખનીય છે કે આ એકટ અને તેના નીચેની કાર્યવાહીમાં સત્તાવાળાઓ દ્વારા દૂરૂપયોગ થવાની કોઈ વિશેષ ઘટના ધ્યાનપર આવેલ નથી

- ✓ રાજ્યમાં આ કાયદા હેઠળ છેલ્લા **બે વર્ષમાં ૧,૫૩,૪૯૩ અરજી મળેલ** છે તેમાંથી **૧,૫૦,૬૪૮ મંજુર** કરેલ છે. ફક્ત **અમદાવાદ જીલ્લામાં જ ૮૦,૬૦૫ અરજી મળી** છે **તેમાંથી ૭૯,૬૭૨ મંજુર કરી** છે.

- ✓ મિલકત લેનાર અને મિલકત વેચનાર બંનેના હિતને ધ્યાનમાં લઈને કાયદાઓ બનાવવામાં આવેલ છે.

- ✓ કાયદામાં ભાડૂઆતના હિતની પણ ચિંતા કરવામાં આવેલ છે.

- ✓ આ કાયદા હેઠળની કોઈપણ પ્રક્રિયામાં બિનજરૂરી વિલંબ ન થાય તેની કાળજી લેવામાં આવે છે. આવો કોઈ અસાધારણ વિલંબ થયેલ હોવાનું પણ ક્યારેક પ્રસ્થાપિત થયેલ નથી.

- ✓ મહેસૂલી આવકને કદાચ આ કાયદાને કારણે અસર થતી પણ હોય તો સરકારની પ્રાથમિકતા લોકોની સુખાકારી હોવી જોઈએ, નહિ કે મહેસૂલી આવક.

**આમ, આ એકટ હેઠળની કામગીરી સામાન્ય પ્રજાજનની મિલકતોની સુરક્ષા, સલામતી અને તેમની રોજિંદા જીવનની સુખાકારી માટે આવશ્યક હોઈ, જેથી બીલમાં રજૂ થયેલા આ કારણો અને સુચન સાથે સંમત થઈ શકાય તેમ નથી.**

**માન ધારાસભ્યશ્રીના પ્રશ્ન હેઠળના અધિનિયમથી રદ કરવાની જોગવાઈ કરવી કોઈપણ રીતે ન્યાયસંગત કે પ્રજાહિતમાં ન હોઈ જેથી પ્રશ્ન હેઠળના માન.ધારાસભ્યશ્રીએ દાખલ કરેલ આ બિલની કોઈ જોગવાઈ સ્વીકારવાપાત્ર જણાતી નથી.**

## અગત્યની બાબત

- આ કાયદાની કલમ 3(1)(2) અને 3(1)(3) ને નામ. ગુજરાત હાઈકોર્ટ દ્વારા સ્ટે આપવામાં આવેલ છે. હાલ સુધી 3(1)(1) હેઠળ આપવામાં આવે છે

- આ કાયદાની કલમ ૧૬(એ) હેઠળ મોનીટરીંગ અને એડવાઈઝરી કમીટીની રચના કરેલ નથી.

- આ કાયદાની કલમ ૧૬(૮) હેઠળ પોલીસ કમિશનરશ્રી/પોલીસ અધિક્ષકશ્રી, કલેકટરશ્રી, મ્યુનીસીપલ કમિશનરશ્રીની સ્પેશ્યલ ઈન્વેસ્ટીગેશન ટીમની રચના કરી છે.

- આ કાયદા હેઠળ બે વર્ષમાં એક પણ ગુનો નોધાયેલ નથી.

વિષય: <u>બિન સરકારી વિધેયકની સૂચના દાખલ કરવા બાબત.</u>

માન.ધારાસભ્યશ્રી ઇમરાન ખેડાવાલા

The Gujarat Prohibition of Transfer of Immovable Property and Provision for Protection of Tenants from Eviction from Premises in Disturbed Areas (Repeal),2023 (ગુજરાત અશાંત વિસ્તારોની સ્થાવર મિલકતની તબદીલી પર પ્રતિબંધ મૂકવા તથા તે વિસ્તારની જગાઓમાંથી ભાડુઆતોને ખાલી કરાવવામાંથી રક્ષણ આપવા અંગેની જોગવાઇ (રદ કરવા) બાબત વિધેયક, ૨૦૨૩)

૨. માન.ધારાસભ્યશ્રી ઇમરાન ખેડાવાલા દ્વારા The Gujarat Prohibition of Transfer of Immovable Property and Provision for Protection of Tenants from Eviction from Premises in Disturbed Areas (Repeal),2023 (ગુજરાત અશાંત વિસ્તારોની સ્થાવર મિલકતની તબદીલી પર પ્રતિબંધ મૂકવા તથા તે વિસ્તારની જગાઓમાંથી ભાડુઆતોને ખાલી કરાવવામાંથી રક્ષણ આપવા અંગેની જોગવાઇ(રદ કરવા) બાબત વિધેયક, ૨૦૨૩) ની સૂચના અન્વયે માન.અધ્યક્ષશ્રીએ ઉપર્યુક્ત સૂચના દાખલ કરેલ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે વિધાનસભાના કામકાજની યાદી મુજબ બિન સરકારી વિધેયકો અંગે તા.૦૮/૦૨/૨૦૨૪ ને ગુરૂવારના રોજ વિધેયકના કામકાજની બાબતે સમય અપાયેલ છે.

૩. ગુજરાત અશાંત વિસ્તારમાંની સ્થાવર મિલકતની તબદીલી પર પ્રતિબંધ મૂકવા તથા તે વિસ્તારોમાંના જગ્યામાંથી ભાડૂતોને ખાલી કરાવવામાંથી રક્ષણ આપવા અંગેની જોગવાઇ કરવા બાબત અધિનિયમ, ૧૯૯૧ (The Gujarat Prohibition of Transfer of Immovable Property and Provision for Protection of Tenants from Eviction from Premises in Disturbed Areas Act, 1991) પ્રથમ ૧૯૮૬ માં દાખલ થયેલ બાદમાં ૧૯૯૧ માં નવો એકટ અમલમાં આવેલ છે.

રાજયના અશાંત વિસ્તારોમાંની સ્થાવર મિલકતની અમુક તબદીલી રદબાતલ જાહેર કરવા અને આવા વિસ્તારોમાં સ્થાવર મિલકતોની તબદીલીને કામચલાઉ પ્રતિબંધ કરવાના આશયથી રાજ્ય વિધાનમંડળ ગુજરાત અશાંત વિસ્તારોમાંની સ્થાવર મિલકતની તબદીલી પર પ્રતિબંધ મૂકવા તથા તે વિસ્તારોમાંની જગામાંથી ભાડૂતોને ખાલી કરાવવાાંથી રક્ષણ આપવા અંગેની જોગવાઇ કરવા બાબત અધિનિયમ, ૧૯૯૧ અધિનિયમિત કરવામાં આવ્યો છે.

૪. ૧૯૯૧ના અધિનિયમ હેઠળ રાજયના કોઇ વિસ્તાર અશાંત જાહેર કરવા અને આવા અશાંત વિસ્તારમાં મિલકતોની તબદીલી પર પ્રતિબંધ મૂકવા રાજય સરકારને સત્તા આપવા આ કાયદો ઘડવામાં આવ્યો છે. આ કાયદાની મુખ્ય જોગવાઇઓ નીચે પ્રમાણે છે.

**(ક) આ કાયદા હેઠળ કાયદાની કલમ-૩ થી રાજય સરકાર અશાંત વિસ્તાર જાહેર કરી શકે છે અને જાહેર થયેલ અશાંત વિસ્તારને રદ કરી શકે છે.**

રાજયના કોઇ વિસ્તારમાં હુલ્લડ અથવા ટોળાની હિંસાની ઉગ્રતા અને તેની અવધિને તથા તેવી અન્ય બાબતો ધ્યાનમાં લઇને રાજય સરકારનો એવો અભિપ્રાય થાય કે હુલ્લડ અથવા ટોળાની હિંસાને કારણે તે વિસ્તારની જાહેર વ્યવસ્થાને ગણ્ય મુદ્દત માટે ખલેલ પહોંચી હતી તો તે વિસ્તારને રાજપત્રમાં પ્રસિદ્ધ કરી આવા વિસ્તારને અશાંત વિસ્તાર તરીકે જાહેર કરી શકે છે.

આ જ કલમ હેઠળ રાજય સરકારનો એવો અભિપ્રાય થાય કે ઉપર પ્રમાણે જાહેર થયેલ અશાંત વિસ્તારમાંથી જાહેર વ્યવસ્થા અશાંતીથી બંધ થઇ છે ત્યારે તે રાજપત્રમાં જાહેરનામા દ્વારા તેવા વિસ્તારના સંબંધમાં ઉપર પ્રમાણેનું જાહેર થયેલું જાહેરનામું રદ કરી શકે છે અને આવી રીતે રદ થયેથી આ અધિનિયમ હેઠળ કરેલ અથવા કરવાની પડતી મૂકેલ અમુક બાબતોના સંબંધમાં હોય તે સિવાય અને આ અધિનિયમથી સુધાર્યા પ્રમાણેના મુંબઇ ભાડા, હોટલ અને નિવાસ ગૃહ દર નિયંત્રણ અધિનિયમ, ૧૯૪૭ લાગુ પાડવા સાથે સંબંધ હોય તે સિવાય આ અધિનિયમની જોગવાઇઓ તેવા વિસ્તારમાં લાગુ પડતી બંધ થશે.

**(ખ) આ કાયદા હેઠળ કાયદાની કલમ-૪ થી સ્થાવર મિલકતની તબદીલી સંબંધિત જોગવાઇ થયેલ છે.**

આવા વિસ્તારની સ્થાવર મિલકતની અમુક તબદલીઓ રદ ગણવાની થાય છે અને આવી તબદીલીઓ રદ કરાવવા માટે જોગવાઇઓ કરેલ છે. જેમાં આવી તબદીલી હેઠળની મિલકત વાજબી કિંમત માટે કલેકટરશ્રીને અરજી કરી શકાય છે. આવી અરજી મળેથી કલેકટરશ્રી તપાસ કરી મિલકતની તબદીલીને તબદીલ કરનારની અને તબદીલ લેનારની મુકત સંમતિથી સ્થાવર મિલકતની વાજબી કિંમત માટે કરવામાં આવી હતી કે કેમ? તે અંગે નિર્ણય કરી યા તો અરજી નામંજુર કરશે અથવા લેખિત હુકમ દ્વારા તબદીલી મુકત સંમતિથી અને વાજબી કિંમતથી કરવામાં આવી હતી અને તેથી તે કાયદેસર હોવા અંગેનો નિર્ણય આપશે.

**(ગ) આ કાયદા હેઠળ કાયદાની કલમ-૫ થી અશાંત વિસ્તારની સ્થાવર મિલકતની તબદીલીઓ પર પ્રતિબંધ મૂકવા અંગેની જોગવાઇ થયેલ છે.**

અશાંત વિસ્તારના જાહેરનામાની મુદત દરમિયાન કોઇપણ પ્રકારની સ્થાવર મિલકતની તબદીલી કલેકટરની પૂર્વ મંજુરી વિના તબદીલી કરી શકાતી નથી. આ જોગવાઇનું પાલન કર્યા વિના કરેલી તબદીલી નિરર્થક અને રદબાતલ ગણવાની રહે છે.

અશાંત વિસ્તારમાં આવેલી સ્થાવર મિલકતની તબદીલી કરવા માંગણી કોઇ વ્યક્તિ ઠરાવેલી મુદતની અંદર અને ઠરાવેલા નમૂનામાં ઉપર પ્રમાણેની કલેકટરશ્રીની પૂર્વ મંજુરી મેળવવા માટે કલેકટરશ્રીને અરજી કરવાની રહે છે. આવી અરજી મળેથી કલેકટર રીતસરની તપાસ અને સુનાવણીની તક આપી સ્થાવર મિલકતની તબદીલી, તબદીલ કરનાર અને તબદીલીથી લેનાર થવા માંગણી વ્યક્તિઓની મુકત સંમતિથી અને તબદીલ કરવા ધારેલ સ્થાવર મિલકતની વાજબી કિંમત માટે કરવા ધારેલ છે કે કેમ? તે અંગે નિર્ણય કરશે અને તદ્અનુસાર અરજી નામંજુર કરશે અથવા લેખિત હુકમ દ્વારા સ્થાવર મિલકતની સૂચિત તબદીલીને પૂર્વ મંજુરી આપશે.

**(ઘ) આ કાયદા હેઠળ કાયદાની કલમ-૬ થી કલેકટરના કલમ-૫ ના હુકમથી નારાજ વ્યક્તિઓએ રાજય સરકારને જરૂરી ફી ભરી અપીલ કરવાની જોગવાઇ થયેલ છે.**

**(ચ) આ કાયદા હેઠળ કાયદાની કલમ-૭ મુજબ કલેકટર અને રાજ્ય સરકાર સમક્ષની તમામ કાર્યવાહી ફોજદારી અધિનિયમની કલમો મુજબ ન્યાયિક કાર્યવાહી ગણવામાં આવે છે.**

**(છ) આ કાયદા હેઠળ કાયદાની કલમ-૮ મુજબ કલમ-૬ હેઠળ રાજય સરકારને અપીલ કરવાને આધિન રીતે કલમ-૪ અથવા કલમ-૫ હેઠળ કલેકટરનો નિર્ણય અને અપીલ ઉપરનો રાજય સરકારનો નિર્ણય આખરી અને નિર્ણાયક ગણાશે અને તેની સામે કોઇ કોર્ટમાં વાંધો લઇ શકાશે નહિ.**

**(જ) આ કાયદાની કલમ-૯ હેઠળ કલમ-૪ અને કલમ-૫ ની જોગવાઇઓ નાણાકીય સંસ્થા પાસેથી નાણાકીય સહાય મેળવવાના હેતુ માટે અશાંત વિસ્તારમાં આવેલી કોઇપણ સ્થાવર મિલકતની તેવી સંસ્થાની તરફેણમાં ગીરો દ્વારા કરેલી કોઇ તબદીલીને લાગુ પડતો નથી.**

**(ઝ) આ કાયદાની કલમ-૧૧(ક) મુજબ અશાંત વિસ્તારોમાંના નવા મકાનોમાં ભાડૂતના હકક સંબંધિત જોગવાઇ થયેલ છે.**

કોઇપણ હુલ્લડ અથવા ટોળાની હિંસાને કારણે અશાંત વિસ્તારમાંના મકાનનો કોઇ મહત્વનો ભાગ સંપૂર્ણ નાશ પામે અથવા જે હેતુ માટે તે ભાડે આપ્યો હોય તે હેતુ માટે મહદ્અંશે અને કાયમ માટે નકામો બને ત્યારે (અ) સ્થાનિક સત્તામંડળે કરેલા નિયમોની જોગવાઇને આધિન રહી મકાન માલિક અશાંત વિસ્તારની સ્થાવર મિલકતની તબદીલી પર પ્રતિબંધ મૂકવા તથા તે વિસ્તારમાંની જગામાંથી ભાડૂતોને ખાલી કરાવવાંથી રક્ષણ આપવાની જોગવાઇ કરવા બાબત શાંત વિસ્તારનું જાહેરનામું પ્રસિદ્ધ થયાની તારીખ અથવા મકાનની જગ્યાનો મહત્વનો ભાગ નાશ પામ્યાની કે નકામો થયાની તારીખ એ બેમાંથી જે મોડી હોય તે તારીખથી ૧૫ મહિના કરતાં વધુ નહિ તેટલા સમયમાં મૂળ જગ્યા પર નવું મકાન બાંધવું જોઇશે. પરંતુ, રાજય સરકાર પૂરતા કારણો હોય તો આ મુદત ૯ મહિના કરતાં વધુ ન હોય તેટલી મુદત માટે લંબાવી શકશે. (બ) મકાન માલિકે મૂળ જગ્યા પર બાંધેલા નવા મકાનમાં ભાડૂત અને ટેનામેન્ટના ભોગવટો કરવાનો હકક રહેશે. મકાન માલિક આવી મિલકતોમાં ભાડા વધારાની રકમની ચુકવણી ન થવાના કારણોસર જગાનો કબજો મેળવવા હકકદાર બનશે નહિ.

**(ટ) આ કાયદાની કલમ-૧૭ હેઠળ મૂળ જગા રાજય સરકારમાં નિહિત કરવાની જોગવાઇ થયેલ છે.**

કલમ-૧૭(ઘ) મુજબ કલમ-૧૧(ક) ના ખંડ-ક માં નિર્દિષ્ટ કરેલ મુદતની અંદર મકાન માલિક નવું મકાન ન બાંધે, ત્યારે કલમ-૧૧(ક) માં ઉલ્લેખેલી જગા પરનું મકાન અસ્તિત્વમાં હોય કે ન હોય તો પણ, તે મૂળ જગા, ભાડુઆતોને રહેવાની સગવડ પૂરી પાડવા માટે નવું મકાન બાંધવાના હેતુ સારું, તમામ બોજા મુકત રાજય સરકારમાં નિહિત થશે અને આ અર્થે કરવામાં આવેલ તે નિયમોને આધિન રહીને આવી જગા માટે કલેકટર હુકમ દ્વારા નકકી કરે તેટલું વળતર મકાન માલિકને આપવામાં આવશે. આ પ્રમાણે મકાન માલિકને આપવાના વળતરની રકમ નકકી કરતા કલેકટરે કરેલ હુકમ સામે તે હુકમની જાણ કર્યાની તારીખથી ૩૦ દિવસની અંદર રાજય સરકારને અપીલ કરી શકાય છે અને તે અપીલ અન્વયે રાજય સરકાર યોગ્ય લાગે તેવા હુકમ કરી શકે છે.

કાયદાની ઉકત જોગવાઇઓ અશાંત વિસ્તારના રહેવાસીઓને સલામતિ પૂરી પાડવા માટે અને અશાંત વિસ્તારના આવા રહેવાસીઓની મિલકતના રક્ષણ માટે આવશ્યક બને છે.

૫. માન.ધારાસભ્યશ્રી તેમના પ્રશ્ન હેઠળના બિનસરકારી અધિનિયમથી નીચે પ્રમાણેની જોગવાઇ લાવવા માટે આ બીલ રજૂ કરેલ છે.

(૧) બિલની કલમ-૧ની પેટા કલમ-૧ માં આ એકટના રદ કરવા અંગેનો કાયદો કરવાની જોગવાઇ અંગે છે અને આ જોગવાઇ તરત જ અમલમાં આવવાની કલમ-૧ની પેટા કલમ-૨ ની જોગવાઇ દર્શાવેલ છે.

(1) This Act Maybe called the Gujarat Prohibition of Transfer of Immovable Property and Provision for Protection of Tenants from Eviction from Premises in Disturbed Areas (Repeal) Act, 2023.

(2) It shall come into force at once

અત્રે ઉલ્લેખનીય છે કે રાજય સરકારના ૧૯૯૧ના અધિનિયમની ઉપર પ્રમાણેની જોગવાઇઓ રાજયના આવા વિસ્તારોના રહીશોના મિલકતોના અધિકારોની જાળવણી માટે તથા આવા વિસ્તારોના રહીશોના મિલકતોની સલામતિ માટે અને સુરક્ષા પ્રદાન કરવા માટે તથા આવા વિસ્તારોના રહીશોના મિલકતોના કોઇપણ દબાણ હેઠળ હસ્તાંતરણ રોકવાના ઉમદા આશયથી અને ન્યાયસંગત જોગવાઇઓ કરાયેલ છે. **આવી જોગવાઇઓને પ્રશ્ન હેઠળના અધિનિયમથી રદ કરવાની જોગવાઇ કરવી કોઇપણ રીતે ન્યાયસંગત કે પ્રજાહિતમાં ન હોઇ જેથી પ્રશ્ન હેઠળના માન.ધારાસભ્યશ્રીએ દાખલ કરેલ આ બિલની કલમ-૧ ની જોગવાઇ સ્વીકારવાપાત્ર જણાતી નથી.**

(૨) માન. ધારાસભ્યશ્રીએ દાખલ કરેલા બિલની કલમ-૨ થી The Gujarat Prohibition of Transfer of Immovable Property and Provision for Protection of Tenants from Eviction from Premises in Disturbed Areas Act, 1991 is hereby Repealed ની જોગવાઇ દર્શાવેલ છે.

ઉકત પેરા-૫(૧) ની વિગતવાર છણાવટને ધ્યાને લેતાં માન ધારાસભ્યશ્રીના બિલની કલમ-૨ થી આવી જોગવાઇઓને પ્રશ્ન હેઠળના અધિનિયમથી રદ કરવાની જોગવાઇ કરવી કોઇપણ રીતે ન્યાયસંગત કે પ્રજાહિતમાં ન હોઇ જેથી પ્રશ્ન હેઠળના માન.ધારાસભ્યશ્રીએ દાખલ કરેલ આ બિલની કલમ-૨ ની જોગવાઇ સ્વીકારવાપાત્ર જણાતી નથી.

૬. માન. ધારાસભ્યશ્રીએ આ એકટ દાખલ કરવાના હેતુઓ અને કારણો તરીકે નીચે પ્રમાણેની વિગતો દર્શાવેલ છે.

**STATEMENT OF OBJECTS AND REASONS**

(૧) અસલમાં ઉપર્યુકત જોગવાઇઓ સને ૧૯૮૬ના અધિનિયમથી કરવામાં આવી હતી. કારણ કે સને ૧૯૮૫ના માર્ચ મહિનાના ગાળા દરમિયાન રાજયના અમુક વિસ્તારોમાં રમખાણો થયેલ

પરિણામે એક સમુદાયના ટોળાએ રમખાણ અને હિંસાનો આશરો લીધો હતો અને તેનાથી બીજા સમુદાયના લોકોના વસવાટ કરનારાઓ અને તેમની દુકાનો માનવીય વસવાટ માટે અયોગ્ય બની ગયા હતા. પરિણામે અશાંત વિસ્તારોમાં અસલામતિના ભય હેઠળ ઘણી સ્થાવર મિલકતો ઓછી કિંમતે તબદીલ કરવામાં આવી હતી તેથી સ્થાવર મિલકતોની આવી તબદીલી રદ બાતલ કરવા અને આવી કામચલાઉ તબદીલી પર પ્રતિબંધ મૂકવાના હેતુથી સને ૧૯૮૬નો અધિનિયમ કર્યો હતો. સને ૧૯૮૬ના વિધેયક સાથે જોડેલા ઉદ્દેશો અને કારણો ઉપર વિધેયક ઉ પ્ર તા.૧૬ ઓગસ્ટ ૧૯૮૬ના રોજ ગૃહમાં થયેલ ચર્ચાઓ જોતાં એવું તદ્દન સ્પષ્ટ થાય છે કે અશાંત વિસ્તારોમાંની જાહેર જનતામાં તે નિર્દિષ્ટ સમયગાળા દરમિયાન થયેલ રમખાણ તોફાનો અને જુથ હિંસાને કારણે જે અસલામતિનો ભય ઉભો થયો હતો તે હેઠળ સ્થાવર મિલકતોની મોટાપાયે થયેલી તબદીલીને ધ્યાનમાં રાખીને સન ૧૯૮૬માં આ કાયદો ખાસ રીતે અધિનિયમિત કરવામાં આવ્યો હતો. સને ૧૯૯૧ ના અધિનિયમથી સન ૧૯૮૬નો અધિનિયમ રદ કર્યો છે અને અશાંત વિસ્તારો જાહેર કરવા અને આવો બનાવ ઉપસ્થિત થાય ત્યારે તબદીલી પર પ્રતિબંધ મૂકવા માટે રાજય સરકારને સત્તા આપવા કાયમી કાયદો અધિનિયમિત કર્યો છે.

(૨) રાજયના અશાંત વિસ્તારોમાંની સ્થાવર મિલકતની અમુક તબદીલી રદબાતલ જાહેર કરવા અને આવા વિસ્તારોમાં સ્થાવર મિલકતોની તબદીલીને કામચલાઉ પ્રતિબંધ કરવાના આશયથી રાજય વિધાનમંડળ ગુજરાત અશાંત વિસ્તારોમાંની સ્થાવર મિલકતની તબદીલી પર પ્રતિબંધ મૂકવા તથા તે વિસ્તારોમાંની જગામાંથી ભાડૂતોને ખાલી કરાવવાંથી રક્ષણ આપવા અંગેની જોગવાઇ કરવા બાબત અધિનિયમ, ૧૯૯૧ અધિનિયમિત કરવામાં આવ્યો છે.

The Gujarat Prohibition of Transfer of Immovable Property and Provision for Protection of Tenants from Eviction from Premises in the Disturbed Areas Act, 1991 has been enacted by the State Legislature with a view to declare certain transfer of immovable Properties in the disturbed Areas of the State to be void and to prohibit temporarily the transfers of Immovable Properties in such areas. Originally, the aforesaid provisions had been made by the Act of 1986 as the riots had then occurred in certain areas of the State during the period of March, 1985 with a result that mob belonging to one community resorted to riot and violence and thereby had rendered many residential houses and shop belonging to another community unfit for human habitation. Consequently, many, immovable properties had been transferred under the fear of insecurity in the disturbed areas at a low price. The 1986 Act was therefore, enacted with a view to making such transfers of immovable properties as void and

prohibiting such transfers temporarily. Looking to the statement of objects and reasons appended to the 1986 Bill and the debates in the House on the Bill on 13th August, 1986, itis quite clear that this legislation was specifically enacted in 1986 in view of the large scale transfers of immovable properties under the fear of insecurity which was caused in the general public in the disturbed areas during that specific period of riots, disturb. Areas and mob violence, the 1991 Act has repealed the 1986 Act and has enacted a permanent legislation to give power to the State Government to declare disturbed areas and prohibit transfer as and when such occasion arises.

માન.ધારાસભ્યશ્રીએ રજુ કરેલી વિગતો રેકર્ડ બેઝ છે. જેથી કોઇ રીમાર્કસ આપવાના રહેતા નથી.

(૩) આ વિષય ઉપર કાયમી કાયદાથી જાહેર જનતાને ઘણી મુસીબતો ઉભી થઇ છે. ઉપર્યુકત અધિનિયમની કલમ-૩ હેઠળ દરેકે દરેક વ્યકિતએ મિલકત તબદીલ કરવા માટે કલેકટરની પૂર્વ મંજુરી મેળવવા કલેકટરનો સંપર્ક સાધવો પડે છે અને કલેકટર લાંબા સમય સુધી તપાસ કર્યા પછી અરજી નામંજુર કરે તો, સંબંધિત વ્યકિતઓ રાજય સરકાર સમક્ષ અપીલ ફાઇલ કરવાની હોય છે. આનાથી ઘણી મુસીબતો સર્જાય છે. સમય અને નાણાનો બગાડ થાય છે. આ કાયદાને લીધે ખરેખર તબદીલ કરનારને પણ ઘણી પ્રતિકૂળ અસર થાય છે. વળી વહીવટમાં વ્યાપક ભ્રષ્ટાચાર અને ગેરરીતિઓનું સાધન બને છે. દરેકે દરેક તબદીલીમાં કંટાળાજનક અને લાંબી પ્રક્રીયામાંથી પસાર થવું પડે છે. અધિનિયમની જોગવાઇઓને લીધે તબદીલીના ઘણા કેસો, કલેકટર કચેરીઓ અથવા સચિવાલય ખાતે લાંબા સમયથી પડી રહયા છે અને તેથી આવું નિયંત્રણ લાદવાને કારણે સરકારને પણ ખાસ્સી આવક ગુમાવવી પડે છે.

The permanent legislation on the subject has created many hardships to the public at large. Under Section 3 of the aforesaid Act each and every person has to approach the collector office for obtaining previous-sanction of the Collector for transfer of property and if the Collector after holding an inquiry for a longer time rejects the application, the person concerned bas to file an appeal before the State Government. This created much hardships. Wastage of time and money, due to this legislation, even genuine transfers are also very much adversely affected. This has also become an instrument for wide-spread corruption. And mal-practices in the Administration. Each and every transfer has to pass through a clumsy and lengthy process. Due to the provisions of the Act, so many cases of transfers are lying at the Collector Office or at the

Sachivalaya for a very long-period and thereby the Government also loses a sizable revenue due to imposition of such restriction.

માન.ધારાસભ્યશ્રીની ઉકત રજુઆત સંબંધમાં નીચે પ્રમાણેના મુદ્દાઓ નોંધનીય છે.

(ક) રાજય સરકાર દ્વારા આવી અરજીઓ સંબંધમાં હાથ ધરવાપાત્ર થતી કાર્યવાહી અંગે તા.૭/૧/૧૯૯૨ ના જાહેરનામાથી ગુજરાત અશાંત વિસ્તારોમાંની સ્થાવર મિલકત પરની તબદીલી પર પ્રતિબંધ મૂકવા તથા તે વિસ્તારોમાંની જગ્યામાંથી ભાડૂતોને ખાલી કરાવવામાંથી રક્ષણ આપવા અંગેની જોગવાઇ કરવા બાબત નિયમો ૧૯૯૧ તૈયાર કરેલ છે અને આ નિયમોમાં ઠરાવેલ જોગવાઇ તથા અધિનિયમની જોગવાઇ પ્રમાણે કાર્યવાહી કરવામાં આવે છે.

(ખ) અધિનિયમની કલમ-૪(૨)(ક) હેઠળની અરજી નિયમના નિયમની કલમ-૩ હેઠળ નિયત કરાયેલા નમૂના-૧ મુજબ અરજી કરવાની રહે છે. કલેકટરશ્રી આવી મળેલી અરજીઓની પહોંચ આપે છે અને આવી મળેલી તમામ અરજીઓ નિયમોના નિયમ-૩(૩) થી નિયત કરાયેલા નમૂના-૨ ના રજીસ્ટરમાં નોંધે છે.

(ગ) અધિનિયમની કલમ-૫(3)(ક) હેઠળ અરજી કરવા માટે નિયમોની કલમ-૪(૧) હેઠળ નિયત કરાયેલા નમૂના-3 મુજબ અરજી કરવાની રહે છે. આવી અરજી મળેથી તેની પહોંચ આપવામાં આવે છે તથા આવી અરજીઓને નિયમોની કલમ-૪(૩) થી નિયત કરાયેલા નમૂના-૪ મુજબના રજીસ્ટરમાં અરજીઓની નોંધ કરવામાં આવે છે.

(ઘ) કલેકટરશ્રીને મળેલી અરજીઓ અન્વયે અધિનિયમની કલમ-૪ અને કલમ-૫ ની જોગવાઇ મુજબ વિગતવાર તપાસની પ્રક્રીયા હાથ ધરી બંને પક્ષોને સુનાવણીની તક આપી નિર્ણય લેવાનો રહે છે અને હુકમો કરવાના રહે છે.

(ચ) જો અરજદાર કલેકટરશ્રીના નિર્ણયથી નારાજ હોય તો અધિનિયમની કલમ-૬ હેઠળ સરકારશ્રીને અપીલ કરી શકે છે.

(છ) અધિનિયમની કલમ-૬ હેઠળની અરજીઓ નિયમોની કલમ-૫(૧) મુજબ કલેકટરશ્રીના નામંજુરીના હુકમ મળ્યાના દિન-૩૦ માં અપીલ કરવાની રહે છે અને કલમ-૬(૨) મુજબ આ અરજી સાથે હુકમની પ્રમાણિત નકલ તથા અન્ય દસ્તાવેજોની પ્રમાણિત નકલ રાખવાની રહે છે તથા કલમ-૬(૩) મુજબ અપીલ સાથે રૂ.૧૦૦ ની ફી કોર્ટ ફી સ્ટેમ્પના સ્વરૂપમાં રાખવાની રહે છે.

(જ) અધિનિયમની કલમ-૭ મુજબ કલેકટરશ્રી દ્વારા તથા સરકારશ્રી દ્વારા હાથ ધરાતી તપાસને ભારતના ફોજદારી ધારાની કલમો ૧૯૩, ૨૧૯ અને ૨૨૮ ના અર્થ મુજબ ન્યાયિક કાર્યવાહી ગણવાની રહે છે.

ઉપર પ્રમાણેની કાયદાકીય જોગવાઇ અનુસાર અરજીઓ અને અપીલો સંબંધમાં કાર્યવાહી હાથ ધરવામાં આવે છે. ઉપરાંત આ તપાસ ન્યાયિક તપાસ હોવાથી બંને પક્ષોને સુનાવણીની વાજબી અને પર્યાપ્ત તક આપવાની રહે છે. ઉપર પ્રમાણેની કાર્યવાહી હાથ ધરવામાં કોઇ તબક્કે બિનજરૂરી વિલંબ કરવા અંગેની કોઇ ફરિયાદ થયેલ હોવાનું જણાતું નથી. આમ, આવા કિસ્સાઓમાં બિનજરૂરી મુશ્કેલીઓ અને ભ્રષ્ટાચારની બાબત આધાર સહિતની જણાતી નથી. વળી, રાજ્ય સરકારને આવા કારણોસર મહેસૂલી આવક ઓછી થવાની દલીલ પણ સ્વીકારી શકાય નહિ. કેમ કે અધિનિયમની જોગવાઇ સામાન્ય પ્રજાની સુખાકારી અને સલામતિ માટે રખાયેલ છે. જે રાજ્ય સરકારની મહેસૂલી આવક કરતાં વધુ

મહત્વની બાબત છે. વળી આવા કારણોસર મહેસૂલી આવક ગુમાવાતી હોવાના દાવા પણ આધાર સાથે રજુ થયેલ નથી. સમગ્રપણે જોતાં બીલ દાખલ કરવાના આ કારણો સાથે સંમત થઇ શકાય તેમ નથી.

(૪) અધિનિયમની કલમ-૩ થી અશાંત વિસ્તાર જાહેર કરવાની સત્તા, રાજ્ય સરકારને સોંપી છે. આ સોંપણી યોગ્ય નથી. કારણ કે આનાથી રાજ્ય સરકાર ફકત જાહેરનામું બહાર પાડીને કોઇપણ સમયે અશાંત વિસ્તારો જાહેર કરી શકે છે. પછી ભલે તે વિસ્તારમાં રમખાણ, તોફાન અથવા જૂથ હિંસા ન હોય તે છતાં પણ ત્યાંની જાહેર જનતાને મોટી મુશ્કેલીમાં મુકાવું પડે છે. જયારે સમગ્ર રાજ્યમાં ઘણી શાંતિ હોવા છતાં, રાજ્ય સરકારે આવું જાહેરનામું પ્રસિદ્ધ કરીને અશાંત વિસ્તારો જાહેર કર્યા છે.

Moreover, section 3 of the Act delegates the power of declaring the disturbed areas to the State Government. This delegation is not proper as the State Government can thereby declare the disturbed areas at any time by issuing just a notification and put the public at large of the area in a very much hardship even if there is no riot, disturbances or mob violence. There have been instances of the State Government publishing such a notification and declaring disturbed areas even if the whole State has remained very much peaceful.

માન.ધારાસભ્યશ્રી દ્વારા બિલ લાવવા સંબંધમાં રજૂ કરાયેલા ઉકત કારણો સંબંધમાં જણાવવાનું કે રાજયના કોઇ વિસ્તારમાં હુલ્લડ અથવા ટોળાની હિંસાની ઉગ્રતા અને તેની અવધિને તથા તેવી અન્ય બાબતો ધ્યાનમાં લઇને રાજય સરકારનો એવો અભિપ્રાય થાય કે હુલ્લડ અથવા ટોળાની હિંસાને કારણે તે વિસ્તારની જાહેર વ્યવસ્થાને ગણ્ય મુદત માટે ખલેલ પહોંચી હતી તો તે વિસ્તારને રાજપત્રમાં પ્રસિદ્ધ કરી આવા વિસ્તારને અશાંત વિસ્તાર તરીકે જાહેર કરી શકે છે. ૧૯૯૧ ના નિયમોની કલમ-૭ હેઠળ અશાંત વિસ્તાર જાહેર કરવાના હેતુ માટે યથાપ્રસંગ સંબંધિધ પોલીસ કમિશનરે અથવા જિલ્લા મેજીસ્ટ્રેટે સરકારશ્રીને દરખાસ્ત કરવાની રહે છે. આમ, આવી રજુ થતી દરખાસ્તો સંબંધિત જિલ્લાના કલેકટરશ્રી અને સંબંધિત જિલ્લાના પોલીસતંત્ર દ્વારા અધિનિયમ તથા નિયમની જોગવાઇ અનુસાર પૂરતી ચકાસણી બાદ તૈયાર કરવામાં આવે છે. ઉપરાંત સરકારશ્રી દ્વારા તેમને મળેલી આવી દરખાસ્ત અન્વયે વિભાગ કક્ષાએ તથા ગૃહ વિભાગ મારફતે વિગતવાર ચકાસણી કરી અને દરખાસ્ત પરત્વે રજુઆતના રાહ મુજબ સરકારશ્રી કક્ષાએથી નિર્ણય લેવામાં આવે છે. આમ અધિનિયમની કલમ-૩ હેઠળ રાજય સરકારને રાજયના કોઇપણ વિસ્તારને જરૂરિયાત મુજબ અશાંત વિસ્તાર તરીકે જાહેર કરવાની મળેલ સત્તાનો ઉપયોગ પૂરતી ચકાસણી અને વિવેકપુર્વક કરવામાં આવે છે. આ જોતાં વિધેયક રજૂ કરવાના આ કારણો સાથે સંમત થઇ શકાય તેમ નથી.

(૫) રાજ્ય સરકારના આવા પગલાંઓને તાજેતરમાં જ કાયદાની કોર્ટમાં પડકારવામાં આવ્યા છે. સત્તાવાળાઓ દ્વારા થતો દુરૂપયોગ ટાળવા માટે, મોટાભાગના લોકોને પડતી મુશ્કેલીઓ અને અગવડતા દૂર કરવા માટે અને વહીવટમાં ફેલાયેલ વ્યાપક ભ્રષ્ટાચાર અને ગેરરીતિઓ ડામવા માટે ઉપર્યુકત અધિનિયમ તાત્કાલિક અસરથી રદ કરવા ધાર્યું છે.

To avoid the mis-use by the authorities, the hardships and inconvenience to the Public at large and the wide. - spread corruption and malpractices in the administration, the aforesaid Act is proposed to be repealed with immediate effect. Hence this Bill.

અત્રે ઉલ્લેખનીય છે કે આ એકટ અને તેના નીચેની કાર્યવાહીમાં સત્તાવાળાઓ દ્વારા દૂરૂપયોગ થવાની કોઇ વિશેષ ઘટના ધ્યાનપર આવેલ નથી. વળી, એકટ હેઠળની કામગીરી સામાન્ય પ્રજાજનની મિલકતોની સુરક્ષા, સલામતી અને તેમની રોજિંદા જીવનની સુખાકારી માટે આવશ્યક હોઇ, જેથી બીલમાં રજૂ થયેલા આ કારણો અને સુચન સાથે સંમત થઇ શકાય તેમ નથી.

અત્રે ઉલ્લેખનીય છે કે રાજય સરકારના ૧૯૯૧ ના અધિનિયમની ઉપર પ્રમાણેની જોગવાઇઓ રાજયના આવા વિસ્તારોના રહીશોના મિલકતોના અધિકારોની જાળવણી માટે તથા આવા વિસ્તારોના રહીશોના મિલકતોની સલામતિ માટે અને સુરક્ષા પ્રદાન કરવા માટે તથા આવા વિસ્તારોના રહીશોના મિલકતોના કોઇપણ દબાણ હેઠળ હસ્તાંતરણ રોકવાના ઉમદા આશયથી અને ન્યાયસંગત જોગવાઇઓ કરાયેલ છે. આવી જોગવાઇઓને પ્રશ્ન હેઠળના અધિનિયમથી રદ કરવાની જોગવાઇ કરવી કોઇપણ રીતે ન્યાયસંગત કે પ્રજાહિતમાં ન હોઇ જેથી પ્રશ્ન હેઠળના માન.ધારાસભ્યશ્રીએ દાખલ કરેલ આ બિલની કલમ-૧ અને કલમ-૨ ની જોગવાઇ સ્વીકારવાપાત્ર જણાતી નથી.

૭. ઉકત હકીકતોએ માન.ધારાસભ્યશ્રી દ્વારા રજુ કરાયેલ બિન સરકારી વિધેયક સ્વીકારવા યોગ્ય જણાતું ન હોઇ, ઉકત વિગતો માન.ધારાસભ્યશ્રીના ધ્યાન પર લાવી તેમના દ્વારા રજુ કરાયેલ બિન સરકારી વિધેયક પરત લેવા અનુરોધ કરીએ. અન્યથા તેનો અસ્વીકાર કરીએ.

ઉપર પ્રમાણે સરકારશ્રીનું વલણ નક્કી કરીએ.

Extra No. 229

વાર્ષિક લવાજમનો દર રૂા. ૪,૦૦૦/-

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXII] THURSDAY, OCTOBER 15, 2020 / ASVINA 23, 1942

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

## PART IX

**Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.**

**વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૧૫મી ઓક્ટોબર, ૨૦૨૦

**તારીખઃ ૧૫મી ઓક્ટોબર, ૨૦૨૦**ના ગુજરાત રાજપત્ર, (અસાધારણ)માં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા સન **૨૦૨૦**ના ગુજરાત **અધિનિયમ ક્રમાંકઃ ૧૭** નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

**વી. એન. શેખ,**
સરકારના નાયબ સચિવ.

**GUJARAT ACT NO. 17 OF 2020.**

# THE GUJARAT PROHIBITION OF TRANSFER OF IMMOVABLE PROPERTY AND PROVISION FOR PROTECTION OF TENANTS FROM EVICTION FROM PREMISES IN THE DISTURBED AREAS (AMENDMENT) ACT, 2019.

ગુજરાત વિધાનમંડળના નીચેના અધિનિયમને રાષ્ટ્રપતિએ **સન ૨૦૨૦ના ઓક્ટોબર** મહિનાની **૬ઠ્ઠી** તારીખે અનુમતિ આપી હોવાથી, તે આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કરવામાં આવે છે.

**કે.એમ.લાલા,**
ગુજરાત સરકારના સચિવ,
વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ.

**GUJARAT ACT NO. 17 OF 2020.**

*AN ACT*

*further to amend the Gujarat Prohibition of Transfer of Immovable Property and Provision for Protection of Tenants from Eviction from Premises in the Disturbed Areas Act, 1991.*

**સન ૨૦૨૦નો ગુજરાત અધિનિયમ ક્રમાંક :૧૭.**

(રાષ્ટ્રપતિની અનુમતિ મળ્યા પછી, સન ૨૦૨૦ના ઓક્ટોબર મહિનાની ૧૫-મી તારીખે ''ગુજરાત સરકારી રાજપત્ર'' માં )અંગ્રેજીમાં (પ્રથમ પ્રસિદ્ધ કરેલો).

ગુજરાત અશાંત વિસ્તારોમાંની સ્થાવર મિલકતની તબદીલી પર પ્રતિબંધ મૂકવા તથા તે વિસ્તારોમાંની જગામાંથી ભાડૂતોને ખાલી કરાવવામાંથી રક્ષણ આપવા અંગેની જોગવાઇ કરવા બાબત અધિનિયમ, ૧૯૯૧ વધુ સુધારવા બાબત અધિનિયમ.

આથી, ભારતના ગણરાજ્યના સિત્તેરમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે :-

ટૂંકી સંજ્ઞા અને આરંભ. ૧. (૧) આ અધિનિયમ ગુજરાત અશાંત વિસ્તારોમાંની સ્થાવર મિલકતની તબદીલી પર પ્રતિબંધ મૂકવા તથા તે વિસ્તારોમાંની જગામાંથી ભાડૂતોને ખાલી કરાવવામાંથી રક્ષણ આપવા અંગેની જોગવાઇ કરવા બાબત (સુધારા) અધિનિયમ, ૨૦૧૯ કહેવાશે.

(૨) તે તરત જ અમલમાં આવશે.

સન ૧૯૯૧ના ગુજરાતના ૧૨-મા અધિનિયમની કલમ ૨ નો સુધારો. ૨. ગુજરાત અશાંત વિસ્તારોમાંની સ્થાવર મિલકતની તબદીલી પર પ્રતિબંધ મૂકવા તથા તે વિસ્તારોમાંની જગામાંથી ભાડૂતોને ખાલી કરાવવામાંથી રક્ષણ આપવા અંગેની જોગવાઈ કરવા બાબત અધિનિયમ, ૧૯૯૧ (જેનો આમાં હવે પછી, "મુખ્ય અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) માં, કલમ ૨-માં,- સન ૧૯૯૧નો ગુજરાતનો ૧૨-મો.

(૧) ખંડ (ક)માં, અંતે "અને તેમાં અશાંત વિસ્તારની હદની નજીકના પાંચસો મીટરના વિસ્તારનો સમાવેશ થાય છે" એ શબ્દો ઉમેરવા;

(૨) ખંડ (ગ) પછી, નીચેના નવા ખંડો ઉમેરવા:-

"(ઘ) ભૌગોલિક વિસ્તારના સંબંધમાં તમામ વ્યાકરણીય રૂપાંતરો અને સમૂલીય શબ્દપ્રયોગો સહિત "એક સમુદાયની વ્યક્તિઓનો યોગ્ય સમૂહ" એટલે જેમાં ધોરણો, ધર્મ, મૂલ્યો અથવા ઓળખ જેવી કોઈ બાબત સામાન્ય હોય અને જે સામાન્ય રીતે નિર્દિષ્ટ (મુકરર) કરેલા ભૌગોલિક વિસ્તારમાં આવેલા સ્થળ સંબંધી ભાવનાથી જોડાયેલું હોય તેવું નાનું અથવા મોટું સામાજિક એકમ અથવા જીવંત વસ્તુઓનું જૂથ;

(ચ) આ અધિનિયમના હેતુ માટે, સ્થાવર મિલકતના સંબંધમાં "તબદીલી" એટલે વેચાણ, બક્ષિસ, વિનિયમ, પટા દ્વારા અથવા અન્યથા આવી મિલકત અથવા તેના કબજામાંના અથવા તેની ઉપરના હક, માલિકીહક અથવા હિતસંબંધની તબદીલી,

અને તેમાં -

(૧) વેચાણની સમજૂતી હેઠળ ; અથવા

(૨) મુખત્યારનામા (પાવર ઓફ એટર્ની) હેઠળ; અથવા

સન ૧૮૮૨નો ૪-થો. (૩) મિલકત તબદીલી અધિનિયમ, ૧૮૮૨ ની કલમ ૫૩ક-માં ઉલ્લેખ કરેલ પ્રકારના કરારના આંશિક અમલમાં; અથવા

(૪) આવી મિલકતના કબજાની તબદીલીનો પુરાવો આપતા, રજિસ્ટર થયેલા અથવા ન થયેલા, પ્રમાણિત કરાયેલા અથવા ન કરાયેલા કોઇ બીજા દસ્તાવેજ હેઠળ;

–એવી મિલકતનો કબજો લેવાની અથવા રાખવા દેવાની બાબતનો સમાવેશ થાય છે.

(છ) "સ્થાવર મિલકતનો પુન:વિકાસ" એટલે અને તેમાં વિદ્યમાન સ્થાવર મિલકતને તોડી પાડીને અથવા તોડ્યા વગર તેનો ફરીથી અથવા અલગ રીતે વિકાસ કરવાના કૃત્ય અથવા પ્રક્રિયાનો સમાવેશ થાય છે;

(જ) "પુન:વસવાટ યોજના" એટલે રસ્તો, મકાન, પુલ, બંધ અને તેના જેવી સરકારી પરિયોજનાઓને કારણે તે જમીનમાંથી નિર્વાસિત થયેલી વ્યક્તિઓને પુન:સ્થાપિત કરવા માટે રાજ્ય સરકારે, રાજપત્રમાં, જાહેરનામાથી, આ અધિનિયમના હેતુઓ માટે તૈયાર કરેલી અને નિર્દિષ્ટ કરેલી યોજના;

સન ૧૮૭૯નો ૫-મો. (ઝ) "કલેકટર" એટલે ગુજરાત જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯ની કલમ ૮ હેઠળ રાજ્ય સરકાર દ્વારા નીમવામાં આવેલા કલેકટર.".

૩. મુખ્ય અધિનિયમમાં, કલમ ૩ને બદલે, નીચેની કલમ મૂકવી:– સન ૧૯૯૧ના ગુજરાતના ૧૨-મા અધિનિયમની કલમ ૩ બદલવા બાબત.

અશાંત વિસ્તાર જાહેર કરવા બાબત. "૩. (૧) રાજ્ય સરકારનો એવો અભિપ્રાય હોય કે,–

(૧) રાજ્યના કોઈ વિસ્તારમાંના, હુલ્લડ અથવા ટોળાની હિંસાની ઉગ્રતા અને તેની અવધિને તથા એવી અન્ય બાબતો ધ્યાનમાં લઈને, હુલ્લડ અથવા ટોળાની હિંસાને કારણે, તે વિસ્તારમાંની જાહેર વ્યવસ્થાને નોંધપાત્ર મુદત માટે ખલેલ પહોંચી હતી; અથવા

(૨) એક સમુદાયની વ્યક્તિઓનું ધ્રુવીકરણ થઈ રહ્યું છે અથવા થવાની શક્યતા છે જેને કારણે તે વિસ્તારમાં રહેતી જુદા જુદા સમુદાયની વ્યક્તિઓનું જનસંખ્યાવિષયક સંતુલન ખોરવાય તેમ છે અથવા એક સમુદાયની વ્યક્તિઓના સમૂહમાં અંધાધૂંધી ફેલાઇ રહી છે અથવા ફેલાવાની શક્યતા છે અને તેથી તે વિસ્તારમાંના જુદા જુદા સમુદાયોની પરસ્પર અને શાંતિપૂર્ણ સુમેળતામાં ખલેલ ઊભી થાય તેમ છે; અથવા

(૩) આ પેટા-કલમમાં જણાવેલા કારણસર, રાજ્યનો તે વિસ્તાર, જાહેર વ્યવસ્થામાં ખલેલ પહોંચવાની શક્યતાવાળો વિસ્તાર બન્યો છે,

ત્યારે, તે, રાજપત્રમાં જાહેરનામાથી,-

(ક) એવા વિસ્તારને અશાંત વિસ્તાર તરીકે જાહેર કરી શકશે;

(ખ) નોંધપાત્ર મુદત (જેનો આમાં હવે પછી, "નિર્દિષ્ટ મુદત" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) નિર્દિષ્ટ કરી શકશે.

સન ૧૮૬૦નો ૪૫-મો.

સ્પષ્ટીકરણ.- આ કલમમાં, 'હુલ્લડ' એ શબ્દનો અર્થ, ભારતના ફોજદારી અધિનિયમની કલમ ૧૪૬-માં જે અર્થ કરવામાં આવ્યો છે તે જ થશે.

સન ૧૯૪૭નો મુંબઈનો ૫૭-મો.

(૨) રાજ્ય સરકારનો એવો અભિપ્રાય હોય કે પેટા-કલમ (૧) હેઠળ અશાંત વિસ્તાર તરીકે જાહેર કરેલા વિસ્તારમાંની જાહેર વ્યવસ્થા અશાંત હોતી બંધ થઈ છે, ત્યારે તે, રાજપત્રમાં જાહેરનામાથી, આવા વિસ્તારના સંબંધમાં પેટા-કલમ (૧) હેઠળ બહાર પાડેલું જાહેરનામું રદ કરી શકશે અને જાહેરનામું આવી રીતે રદ થયેથી, આ અધિનિયમ હેઠળ કરેલી અથવા કરવાની પડતી મૂકેલી અમુક બાબતોના સંબંધમાં હોય તે સિવાય અને આ અધિનિયમથી સુધાર્યા પ્રમાણેના મુંબઈ ભાડાં, હોટેલ અને નિવાસગૃહ દર નિયંત્રણ અધિનિયમ, ૧૯૪૭ આવા વિસ્તારને લાગુ પડવાના સંબંધમાં હોય તે સિવાય, આ અધિનિયમની જોગવાઈઓ, આવા વિસ્તારને લાગુ પડતી બંધ થશે.".

સન ૧૯૯૧ના ગુજરાતના ૧૨-મા અધિનિયમની કલમ ૪ બદલવા બાબત.

૪. મુખ્ય અધિનિયમમાં, કલમ ૪ને બદલે, નીચેની કલમ મૂકવી:-

સ્થાવર મિલકતની અમુક તબદીલીઓ રદબાતલ થવા બાબત.

"૪. તત્સમયે અમલમાં હોય તેવા કોઈ કાયદામાં ગમે તે મજકૂર હોય તેમ છતાં, પણ કલમ ૫ ની પેટા-કલમ (૧) ને અધીન રહીને, નિર્દિષ્ટ મુદત દરમિયાન અશાંત વિસ્તારમાં આવેલી સ્થાવર મિલકતની કરેલી તમામ તબદીલીઓ, એવી તબદીલીની તારીખથી રદબાતલ થશે.".

સન ૧૯૯૧ના ગુજરાતના ૧૨-મા અધિનિયમની કલમ ૫ નો સુધારો.

૫. મુખ્ય અધિનિયમમાં, કલમ ૫ માં, પેટા-કલમ (૩)માં, ખંડો (ખ) અને (ગ) ને બદલે, નીચેના ખંડો મૂકવા:-

સન ૧૮૭૯નો મુંબઈનો ૫-મો.

"(ખ) કલેક્ટરે, એવી અરજી મળ્યેથી, ગુજરાત જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯થી ઠરાવેલી રીતે ઔપચારિક તપાસ યોજવી જોઈશે અને અરજદારને સુનાવણીની તક આપ્યા પછી અને રજૂ કરવામાં આવે તેવા કોઈ પુરાવાને વિચારણામાં લીધા પછી નક્કી કરવું જોઈશે કે-

(૧) સ્થાવર મિલકતની તબદીલી કલમ ૨ ના ખંડ (ચ)ની બોલીઓ હેઠળ કરવા ધાર્યું છે કે કેમ;

(૨) તબદીલી કરાવવાનો અને તબદીલીથી લેવાનો, ઇરાદો ધરાવતી વ્યક્તિઓની મુક્ત સંમતિ છે કે કેમ;

(૩) તબદીલી કરવા ધારેલી સ્થાવર મિલકતની તબદીલીની કિંમત વાજબી છે કે કેમ;

(૪) તબદીલી કરવા ધારેલી સ્થાવર મિલકત જે વિસ્તારમાં આવેલી હોય તે વિસ્તારમાં વસતી જુદા જુદા સમુદાયની વ્યક્તિઓનું જનસંખ્યાવિષયક સંતુલન ખોરવતા સમુદાયને લગતા વ્યક્તિઓના ધ્રુવીકરણની શક્યતા છે કે કેમ;

(૫) તબદીલી કરવા ધારેલી સ્થાવર મિલકત જે વિસ્તારમાં આવેલી હોય તે વિસ્તારમાં એક સમુદાયને લગતા વ્યક્તિઓના સમૂહમાં અંધાધૂંધી ફેલાવાની શક્યતા છે કે કેમ અને તદનુસાર;

(ક) અરજીનો અસ્વીકાર કરી શકશે; અથવા

(ખ) સ્થાવર મિલકતની કરવા ધારેલી તબદીલીને, લેખિતમાં પૂર્વ- મંજૂરી આપતો હુકમ કરી શકશે.

(ગ) કલેક્ટરે, પેટા-કલમ (૨) હેઠળ કરેલી અરજીનો, તે અરજી મળ્યાની તારીખથી મુખ્યત્વે ત્રણ મહિનાની મુદતની અંદર નિર્ણય કરવો જોઇશે:

પરંતુ કલેક્ટર, સદરહુ મુદતને લંબાવવા માટેના આવશ્યક કારણોની નોંધ કરીને સદરહુ મુદત લંબાવી શકશે.".

૬. મુખ્ય અધિનિયમમાં, કલમ ૫-ક ને બદલે, નીચેની કલમ મૂકવી:- સન ૧૯૯૧ના ગુજરાતના ૧૨-મા અધિનિયમની કલમ ૫-ક બદલવા બાબત.

રદબાતલ કર્યાના હુકમ હેઠળ લાભ મેળવ્યો હોય તેવા તબદીલીથી લેનાર અને તબદીલી કરનારની જવાબદારી.

"૫-ક. (૧) (ક) કલમ ૪ હેઠળ સ્થાવર મિલકતની તબદીલી રદબાતલ હોય, ત્યારે આવી તબદીલી માટે જેણે કોઈ અવેજ લીધો હોય તેવા તબદીલી કરનારે –

સન ૨૦૧૯નો ગુજરાતનો .....

(૧) આવી તબદીલી, ગુજરાત અશાંત વિસ્તારોમાંની સ્થાવર મિલકતની તબદીલી પર પ્રતિબંધ મૂકવા તથા તે વિસ્તારોમાંની જગામાંથી ભાડૂતોને ખાલી કરાવવામાંથી રક્ષણ આપવા અંગેની જોગવાઈ કરવા બાબત (સુધારા) અધિનિયમ, ૨૦૧૯ના આરંભની તારીખ પહેલાં કરી હોય, ત્યારે આવા આરંભની તારીખથી છ મહિનાની અંદર, અથવા

(૨) આવી તબદીલી, આવા આરંભની તારીખ પછી કરી હોય, ત્યારે આવી તબદીલીની તારીખથી છ મહિનાની અંદર,

–તબદીલીથી લેનારને અવેજ પરત કરવો જોઈશે.

(ખ) જેની પાસે એવી સ્થાવર મિલકતનો કબજો હોય તેવા તબદીલીથી લેનાર અથવા આવા તબદીલીથી લેનાર વતી બીજી કોઈ વ્યક્તિએ (જેનો આ કલમમાં હવે પછી, 'એજન્ટ' તરીકે ઉલ્લેખ કર્યો છે તેણે), છ મહિનાની સદરહુ મુદતની અંદર, તબદીલી કરનારને મિલકતનો કબજો પરત આપવો જોઈશે.

(ગ) તબદીલીથી લેનારે મિલકતમાં કોઈ સુધારો કરવો જોઈશે નહિ અને કલેક્ટર, હુકમથી, તબદીલીથી લેનારને મિલકતમાં કોઈ સુધારા કરતાં રોકી શકશે.

(૨) (ક) તબદીલી કરનાર, છ મહિનાની સદરહુ મુદતની અંદર તબદીલીથી લેનારને અવેજ પરત કરવામાં ચૂક કરે, ત્યારે અથવા

(ખ) તબદીલીથી લેનાર અથવા તેનો એજન્ટ, છ મહિનાની સદરહુ મુદતની અંદર તબદીલી કરનારને સ્થાવર મિલકતનો કબજો પરત કરવામાં ચૂક કરે, ત્યારે પેટા–કલમ (૧)ના ખંડ (ક)ના કિસ્સામાં તબદીલીથી લેનાર અને પેટા–કલમ (૧)ના ખંડ (ખ)ના કિસ્સામાં, તબદીલી કરનાર, ઠરાવવામાં આવે તેવા નમૂનામાં અને તેટલી મુદતની અંદર, તબદીલી કરનારને અવેજ પરત કરવાનો તબદીલીથી લેનારને આદેશ કરવા અથવા યથાપ્રસંગ, તબદીલીથી લેનારને, સ્થાવર મિલકતનો કબજો તબદીલી કરનારને પરત કરવાનો આદેશ કરતો હુકમ કરવા માટે કલેક્ટરને અરજી કરી શકશે.

સન ૧૮૭૯નો મુંબઈનો ૫–મો.

(૩) કલેક્ટર, કોઈપણ સમયે પોતાની જાતે અથવા પેટા–કલમ(૨) હેઠળ તેમને અરજી મળ્યેથી, ગુજરાત જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯માં ઠરાવેલી રીતે ઔપચારિક તપાસ કર્યા

પછી અને તબદીલી કરનાર અને તબદીલીથી લેનાર અથવા યથાપ્રસંગ, તેના એજન્ટને સુનાવણીની તક આપ્યા પછી અને રજૂ કરવામાં આવે તેવા પુરાવાને વિચારણામાં લીધા પછી, હુકમમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેટલા સમયમાં, તબદીલી કરનારને તેવી અવેજની રકમ તબદીલીથી લેનારને પરત કરવાનો અથવા યથાપ્રસંગ, તબદીલીથી લેનાર અથવા તેના એજન્ટને, હુકમમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેટલા સમયની અંદર સ્થાવર મિલકતનો કબજો તબદીલ કરનારને પરત કરવા આદેશ કરતો હુકમ અથવા પોતે યોગ્ય ગણે તેવો બીજો હુકમ લેખિતમાં કરી શકશે.

(૪) (ક) તબદીલી કરનાર, પેટા-કલમ (૩) હેઠળ કરવામાં આવેલા હુકમમાં નિર્દિષ્ટ કરેલા સમયની અંદર તબદીલીથી લેનારને અવેજ પરત કરવામાં ચૂક કરે, તો કલેક્ટર, જમીન મહેસૂલની બાકી રકમ તરીકે તબદીલી કરનાર પાસેથી અવેજ વસૂલ કરી શકશે અને આવી વસૂલાત માટેના ખર્ચની કપાત કર્યા પછી, તબદીલીથી લેનારને તે (અવેજ) ચૂકવી શકશે.

(ખ) તબદીલીથી લેનાર અથવા તેનો એજન્ટ, પેટા-કલમ (૩) હેઠળ કરવામાં આવેલા હુકમમાં નિર્દિષ્ટ કરેલા સમયની અંદર સ્થાવર મિલકતનો કબજો પરત કરવામાં ચૂક કરે, તો કલેક્ટર તત્સમયે અમલમાં હોય તેવા કોઈપણ કાયદામાં વિરુદ્ધનો ગમે તે મજકૂર હોય તેમ છતાં, તબદીલીથી લેનાર અથવા તેના એજન્ટનો સ્થાવર મિલકતમાંથી કબજો છોડાવી શકશે અને આવી મિલકતનો કબજો લઈ શકશે તથા તેવા હેતુ માટે જરૂરી હોય તેવા બળનો ઉપયોગ કરી શકશે અથવા કરાવી શકશે અને આવી મિલકતનો કબજો તબદીલી કરનારને પરત કરી શકશે.

(૫) આવી મિલકતનો કબજો લેવામાં તબદીલી કરનાર ચૂક કરે, ત્યારે આવી મિલકત, કામચલાઉપણે કલેક્ટરના કબજામાં રહેશે અને ઠરાવવામાં આવે તે રીતે કલેક્ટર દ્વારા સદરહુ મિલકતનો નિકાલ ન કરવામાં આવે ત્યાં સુધી આ અર્થે કરવામાં આવેલા નિયમોની જોગવાઈને અધીન રહીને, કલેક્ટર આવી મિલકતને સુરક્ષિત કરવા અને તેનું સંચાલન કરવા માટે, પોતે જરૂરી અથવા ઈષ્ટ જણાય તેવા પગલાં લઈ શકશે.".

૭. મુખ્ય અધિનિયમમાં, કલમ ૬ને બદલે, નીચેની કલમ મૂકવી:- સન ૧૯૯૧ના ગુજરાતના ૧૨-મા અધિનિયમની કલમ ૬ બદલવા બાબત.

અપીલ. "૬. (૧) કલમ ૫-ની પેટા-કલમ (૨) હેઠળ અરજી નામંજૂર કરતા કલેક્ટરના નિર્ણયથી નારાજ થયેલી કોઈ વ્યક્તિ, ઠરાવવામાં આવે તેવી રીતે, તેટલા સમયની અંદર અને તેટલી ફીની ચુકવણી કર્યેથી, રાજ્ય સરકાર સમક્ષ અપીલ રજૂ કરી શકશે:

પરંતુ અપીલ અધિકારીને ખાતરી થાય કે આવી વ્યક્તિને પૂરતા કારણસર ઠરાવેલી સમયમર્યાદાની અંદર અપીલ કરતા અટકાવવામાં આવી છે તો, તેઓ તેવી ઠરાવેલી સમયમર્યાદા પછી પણ અપીલ સ્વીકારી શકશે.

(૨) રાજ્ય સરકાર, આવી વ્યક્તિને સુનાવણીની તક આપ્યા પછી, જે હુકમ વિરૂદ્ધ અપીલ કરવામાં આવી હોય તેવા હુકમને મંજૂર કરી શકશે, સુધારી શકશે અથવા નામંજૂર કરી શકશે."

સન ૧૯૯૧ના ગુજરાતના ૧૨-માં અધિનિયમમાં નવી કલમો ૬-ક-થી ૬-ઘ દાખલ કરવા બાબત.

૮. મુખ્ય અધિનિયમમાં, કલમ ૬ પછી, નીચેની કલમો દાખલ કરવી:–

કલમો ૪ અને ૫ પુનર્વસવાટ યોજનાઓમાં સ્થાવર મિલકતની અમુક તબદીલીને લાગુ નહિ પડવા બાબત.

"૬ક. (૧) કલમો ૪ અને ૫–નો કોઈપણ મજકૂર, રાજપત્રમાં જાહેરનામાથી, રાજ્ય સરકાર દ્વારા નિર્દિષ્ટ કરવામાં આવે તેવા અશાંત વિસ્તારમાં, રાજ્ય સરકારની આવી પુનર્વસવાટ યોજનાઓમાં રહેતી વ્યક્તિઓ દ્વારા સ્થાવર મિલકતોની તબદીલીને લાગુ પડશે નહિ.

(૨) કલમ ૫–નો કોઈપણ મજકૂર, રાજ્ય સરકારે, અશાંત વિસ્તારમાં આવતી પુનર્વસવાટ યોજનાઓ પૈકીની કોઈપણ પુનર્વસવાટ યોજનામાં વ્યક્તિઓને પુન:સ્થાપિત કરી હોય તો તેને લાગુ પડશે નહિ.

સ્થાવર મિલકતનો પુનઃવિકાસ.

૬ખ. મહેસૂલી રેકર્ડમાં તેના નામે રહેલી સ્થાવર મિલકતનો પુનઃવિકાસ કરવા ઈચ્છતી હોય તેવી કોઇ વ્યક્તિએ, પુનઃ વિકાસ પછીની તેની વધુ સંપૂર્ણ અથવા અંશતઃ તબદીલી માટે, કલેક્ટરની પૂર્વ–મંજૂરી મેળવવા માટે, કલમ ૫–ની પેટા–કલમ (૧) હેઠળ અરજી કરવી જોઇશે અને તેમ થયેથી, આવી અરજીને કલમ ૫–ની બાકી જોગવાઇઓ ઉચિત ફેરફાર સાથે લાગુ પડશે:

પરંતુ વ્યક્તિ તેના અંગત ઉપયોગ માટે, તેની સ્થાવર મિલકતમાં પુન:વિકાસ કરવાનો ઈરાદો ધરાવતી હોય તે કિસ્સામાં, કલેક્ટરની પૂર્વ–મંજૂરીની જરૂર રહેશે નહિ.

ફેરવિચારણા.

૬ગ. રાજ્ય સરકાર, પોતાની જાતે અથવા અરજી મળ્યેથી, આ અધિનિયમની જોગવાઇઓ હેઠળ કરેલ કોઇ હુકમ અથવા કાર્યવાહી, જેની સામે તેની કાયદેસરતા અથવા યોગ્યતાની બાબતમાં અથવા આવી કાર્યરીતિની નિયમિતતાની બાબતમાં, કલમ ૭ હેઠળ કોઇપણ અપીલ થયેલ ન હોય

તેવા કરેલ કોઈપણ હુકમની અથવા લીધેલી કાર્યવાહીનું રેકર્ડ મંગાવી શકશે અને તેની તપાસ કરી શકશે અને તેના સંબંધમાં પોતે યોગ્ય ગણે તેવો હુકમ કરી શકશે:

પરંતુ આ બાબતમાં અસરગ્રસ્ત વ્યક્તિને સુનાવણીની વાજબી તક આપ્યા વગર આવો કોઈપણ હુકમ કરવો જોઈશે નહિ.

અધિનિયમની જોગવાઈઓના ઉલ્લંઘન માટે શિક્ષા.

૬ઘ. કલમ ૪ અથવા ૫-ની જોગવાઈઓનું ઉલ્લંઘન કરે તેવી કોઈપણ વ્યક્તિને ગુનો સાબિત થયે, ઓછામાં ઓછા ત્રણ વર્ષની પણ પાંચ વર્ષ સુધીની મુદત માટેની કેદની અને ઓછામાં ઓછા એક લાખ રૂપિયા અથવા મિલકતની જંત્રીના આધારે મેળવેલ મિલકતની કિંમતના દસ ટકા એ બન્નેમાંથી જે વધુ હોય તેટલા દંડની શિક્ષા થશે.

પોલીસ અધિકારનો ગુનો. સન ૧૯૭૪નો ૨-જો.

૬ચ. ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩માં ગમે તે મજકૂર હોય તેમ છતાં, કલમ ૬ઘ હેઠળનો શિક્ષાપાત્ર ગુનો, પોલીસ અધિકારનો ગુનો રહેશે.".

સન ૧૯૯૧ના ગુજરાતના ૧૨-મા અધિનિયમમાં નવી કલમો ૧૬-ક-થી ૧૬-ગ દાખલ કરવા બાબત.

૯. મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૬ પછી, નીચેની નવી કલમો દાખલ કરવી:-

દેખરેખ અને સલાહકાર સમિતિની રચના. સન ૨૦૧૯નો ગુજરાતનો ૧૭મો.

"૧૬ક. (૧) રાજ્ય સરકાર, ગુજરાત અશાંત વિસ્તારોમાંની સ્થાવર મિલકતની તબદીલી પર પ્રતિબંધ મૂકવા તથા તે વિસ્તારોમાંની જગામાંથી ભાડૂતોને ખાલી કરાવવામાંથી રક્ષણ આપવા અંગેની જોગવાઈ કરવા બાબત (સુધારા) અધિનિયમ, ૨૦૧૯ના આરંભ પછી બનતી ત્વરાએ, દેખરેખ અને સલાહકાર સમિતિ તરીકે ઓળખાતી સમિતિની રચના કરશે.

(૨) દેખરેખ અને સલાહકાર સમિતિ, અધ્યક્ષ અને રાજ્ય સરકારને યોગ્ય લાગે તેવા અન્ય સરકારી સભ્યોની તેટલી સંખ્યાની બનશે.

(૩) દેખરેખ અને સલાહકાર સમિતિએ, સમુદાયની વ્યક્તિઓનો યોગ્ય સમૂહ જળવાયો છે કે નહિ તે સુનિશ્ચિત કરવા માટે વખતોવખત, અશાંત વિસ્તારોમાં અભ્યાસ કરવો જોઈશે અથવા કરાવવો જોઈશે.

(૪) દેખરેખ અને સલાહકાર સમિતિ –

(ક) રાજ્ય સરકાર, સામાન્ય રીતે કોઈ નિયમોના સંદર્ભમાં અથવા આ અધિનિયમ સાથે સંકળાયેલ અન્ય કોઈ હેતુ માટે;

(ખ) કલેક્ટરને આ અધિનિયમ હેઠળ તેમના કાર્યો બજાવવા માટે સલાહ આપશે.

સન ૧૯૬૨નો ગુજરાતનો ૧૦-મો. વધારાની જોગવાઈઓ.

૧૬ખ. (૧) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧માં ગમે તે મજકૂર હોય તેમ છતાં, સહકારી આવાસન મંડળીની નોંધણી કરાવવા ઇચ્છતી વ્યક્તિઓ અથવા નિર્દિષ્ટ વિસ્તારમાં સહકારી મંડળીમાંના

તેના જમીન ખાતામાં તેના હક, માલિકી હક અથવા હિતસંબંધ તબદીલ કરતાં પહેલાં, આવી મંડળીની નોંધણી કરાવવા માટે અરજી સાથે, અથવા યથાપ્રસંગ, આવી મંડળીમાંના તેના જમીન ખાતામાં તેના હક, માલિકી હક અથવા હિતસંબંધ તબદીલ કરતાં પહેલાં, આવી સહકારી આવાસન મંડળીની નોંધણી અથવા આવી મંડળીમાંના તેના જમીન ખાતામાં તેના હક, માલિકી હક અથવા હિતસંબંધ તબદીલ થવાના કારણે, કલમ ૪ અથવા ૫-નો કોઈપણ ભંગ થતો નથી તે મતલબનો સ્વ-એકરાર રજૂ કરવો જોઈશે.

સન ૧૯૪૯નો મુંબઈનો ૫૯-મો.

(૨) ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯માં ગમે તે મજકૂર હોય તેમ છતાં, વ્યક્તિએ, નિર્દિષ્ટ વિસ્તારમાં આવેલ સ્થાવર મિલકતના મકાનના ઉપયોગની પરવાનગી મેળવવા માટેની અરજી કરતી વખતે, મકાનનો ઉપયોગ કરવાની પરવાનગી મેળવીને, ઘરનો કબજો (ભોગવટો) લેવામાં, કલમો ૪ અથવા ૫-ની જોગવાઈઓનો કોઈ ભંગ થતો નથી તે મતલબનો સ્વ-એકરાર રજૂ કરવાનો રહેશે;

સન ૧૯૬૪નો ગુજરાતનો ૩૪-મો.

(૩) ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩માં ગમે તે મજકૂર હોય તેમ છતાં, વ્યક્તિએ અશાંત વિસ્તારમાં આવેલ સ્થાવર મિલકતના મકાનના ઉપયોગની પરવાનગી મેળવવા માટેની અરજી કરતી વખતે, મકાનનો ઉપયોગ કરવાની પરવાનગી મેળવીને, ઘરનો ભોગવટો (કબજો) લેવામાં, કલમ ૪ અથવા ૫-ની જોગવાઈઓનો કોઈ ભંગ થતો નથી તે મતલબનો સ્વ-એકરાર રજૂ કરવાનો રહેશે;

સન ૧૯૦૮નો ૧૬-મો.

(૪) ભારતનો રજિસ્ટ્રેશન અધિનિયમ, ૧૯૦૮માં ગમે તે મજકૂર હોય તેમ છતાં, નોંધણી સત્તાધિકારી, રજિસ્ટર કરાવવાનું ધાર્યું હોય તેવા દસ્તાવેજ સાથે કલમ ૫ હેઠળ કલેક્ટરનો અગાઉ મંજૂરી આપતો હુકમ રજૂ કરવામાં ન આવે તો, ફરજિયાત રજિસ્ટર કરવાનું ફરમાવ્યું હોય તેવા નિર્દિષ્ટ વિસ્તારમાં આવેલ સ્થાવર મિલકત સંબંધિત કોઈ દસ્તાવેજ સ્વીકારવો જોઈશે નહિ અથવા રજિસ્ટર કરવો જોઈશે નહિ.

ખાસ તપાસ ટીમ.

૧૬ગ. (૧) રાજ્ય સરકારે, કલેક્ટર, પોલીસ કમિશનર અને મ્યુનિસિપલ કમિશનરની બનેલી પોલીસ કમિશનરની કચેરીના વિસ્તાર માટે અને બાકીના વિસ્તાર માટે, સંબંધિત જિલ્લાના કલેક્ટર, પોલીસ અધીક્ષક અને પ્રાદેશિક મ્યુનિસિપલ કમિશનરની બનેલી ખાસ તપાસ ટીમની રચના કરવી જોઈશે.

(૨) ખાસ તપાસ ટીમ નીચેના કાર્યો કરશે:-

(૧) કલમ ૩ હેઠળ કોઈ વિસ્તારને અશાંત વિસ્તાર તરીકે જાહેર કરતાં પહેલાં અભિપ્રાય બાંધવામાં રાજ્ય સરકારને સહાય કરશે;

(૨) કલમ ૫ હેઠળ મંજૂરી આપતાં પહેલાં અથવા અન્યથા સત્તામંડળ સંદર્ભ કરે એવા કેસોની તપાસ કરવામાં અધિકૃત અધિકારીને સહાય કરશે;

(૩) કલમ ૧૬કની પેટા-કલમ (૩)ના સંબંધમાં, જરૂરી માહિતી એકત્રિત કરવામાં દેખરેખ અને સલાહકાર સમિતિને સહાય કરશે.

૧૬ઘ. અનુસૂચિની બીજી કોલમમાં નિર્દિષ્ટ કરેલા દરેક અધિનિયમોને, તેમાંની ત્રીજી કોલમની સામે નિર્દિષ્ટ કર્યા પ્રમાણે અને તે હદ સુધી સુધારવા. ચોક્કસ અધિનિયમોના સુધારા.

## અનુસૂચિ
(જુઓ કલમ ૧૬ઘ)

| અનુક્રમાંક | ટૂંકી સંજ્ઞા | સુધારાનું પ્રમાણ | અનુક્રમાંક |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૧ |
| ૧. | ભારતનો રજિસ્ટ્રેશન અધિનિયમ, ૧૯૦૮. (સન ૧૯૦૮નો ૧૬મો.) | સન ૧૯૦૮-ના ૧૬મા અધિનિયમની કલમ ૧૭નો સુધારો. | ગુજરાત રાજ્યને લાગુ પડતા રજિસ્ટ્રેશન અધિનિયમ, ૧૯૦૮માં, કલમ ૧૭માં, પેટા-કલમ (૧)માં,-<br>(૧) ખંડ (ચ)માં, વિદ્યમાન પરંતુક પછી, નીચેના પરંતુક અને તે હેઠળનું સ્પષ્ટીકરણ દાખલ કરવું:-<br>"વળી, નોંધણી સત્તાધિકારી, રજિસ્ટર કરાવવાનું ધાર્યું હોય તેવા દસ્તાવેજ સાથે ગુજરાત અશાંત વિસ્તારોમાંની સ્થાવર મિલકતની તબદીલી પર પ્રતિબંધ મૂકવા તથા તે વિસ્તારોમાંની જગામાંથી ભાડૂતોને ખાલી કરાવવામાંથી રક્ષણ આપવા અંગેની જોગવાઇ કરવા બાબત અધિનિયમ, ૧૯૯૧ની કલમ ૫ હેઠળ કલેક્ટરનો અગાઉ મંજૂરી આપતો હુકમ રજૂ કરવામાં ન આવે તો, ફરજિયાત રજિસ્ટર કરવાનું ફરમાવ્યું હોય તેવા અશાંત વિસ્તારમાં આવેલ સ્થાવર મિલકત સંબંધિત કોઇ દસ્તાવેજ સ્વીકારવો જોઇશે નહિ અથવા રજિસ્ટર કરવો જોઇશે નહિ.<br>સ્પષ્ટીકરણ.- આ પેટા-કલમના હેતુ માટે, "અશાંત વિસ્તાર" એ શબ્દપ્રયોગનો અર્થ, ગુજરાત અશાંત વિસ્તારોમાંની સ્થાવર મિલકતની તબદીલી પર પ્રતિબંધ |

સન ૧૯૯૧નો ગુજરાતનો ૧૨-મો.

| | | | | |
|---|---|---|---|---|
| | | | મૂકવા તથા તે વિસ્તારોમાંની જગામાંથી ભાડૂતોને ખાલી કરાવવામાંથી રક્ષણ આપવા અંગેની જોગવાઈ કરવા બાબત અધિનિયમ, ૧૯૯૧માં તેનો જે અર્થ કરવામાં આવ્યો છે તે રહેશે". | સન ૧૯૯૧નો ગુજરાતનો ૧૨-મો. |
| ૨. | ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯ (સન ૧૯૪૯નો મુંબઈનો ૫૯મો) | **સન ૧૯૪૯–ના મુંબઈના ૫૯મા અધિનિયમમાં નવી કલમ ૨૬૩ખ દાખલ કરવા બાબત.** | "**૨૬૩ખ. અશાંત વિસ્તારમાં આવેલ સ્થાવર મિલકતના મકાનના ઉપયોગની પરવાનગી મેળવવા બાબત.–** વ્યક્તિએ, અશાંત વિસ્તારમાં આવેલા સ્થાવર મિલકતના મકાનના ઉપયોગની પરવાનગી મેળવવા માટેની અરજી કરતી વખતે, મકાનનો ઉપયોગ કરવાની પરવાનગી મેળવીને ઘરનો ભોગવટો (કબજો) લેવામાં, ગુજરાત અશાંત વિસ્તારોમાંની સ્થાવર મિલકતની તબદીલી પર પ્રતિબંધ મૂકવા તથા તે વિસ્તારોમાંની જગામાંથી ભાડૂતોને ખાલી કરાવવામાંથી રક્ષણ આપવા અંગેની જોગવાઈ કરવા બાબત અધિનિયમ, ૧૯૯૧ની કલમ ૪ અથવા ૫–ની જોગવાઈઓનો કોઈ ભંગ થતો નથી તે મતલબનો સ્વ–એકરાર રજૂ કરવાનો રહેશે.<br>સ્પષ્ટીકરણ.– આ કલમના હેતુ માટે, "અશાંત વિસ્તાર" એ શબ્દપ્રયોગનો અર્થ, ગુજરાત અશાંત વિસ્તારોમાંની સ્થાવર મિલકતની તબદીલી પર પ્રતિબંધ મૂકવા તથા તે વિસ્તારોમાંની જગામાંથી ભાડૂતોને ખાલી કરાવવામાંથી રક્ષણ આપવા અંગેની જોગવાઈ કરવા બાબત અધિનિયમ, ૧૯૯૧માં તેનો જે અર્થ કરવામાં આવ્યો છે તે રહેશે.". | સન ૧૯૯૧નો ગુજરાતનો ૧૨-મો.<br>સન ૧૯૯૧નો ગુજરાતનો ૧૨-મો. |
| ૩. | ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩. | **સન ૧૯૬૪–ના ગુજરાતના ૩૪મા અધિનિયમની** | ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૪માં, કલમ ૧૫૭માં, પેટા–કલમ (૧) પછી, નીચેની પેટા–કલમ અને તે હેઠળનું સ્પષ્ટીકરણ દાખલ કરવું:–<br>"(૧ક) વ્યક્તિએ, અશાંત વિસ્તારમાં આવેલા સ્થાવર | |

| | | | | |
|---|---|---|---|---|
| | (સન ૧૯૬૪નો ગુજરાતનો ૩૪મો) | **કલમ ૧૫૭નો સુધારો.** | મિલકતના મકાનના ઉપયોગની પરવાનગી મેળવવા માટે મુખ્ય અધિકારીને કામ પૂરું થયાના પ્રમાણપત્ર માટે નોટિસ પહોંચાડતી અથવા મોકલતી વખતે, મકાનનો ઉપયોગ કરવાની પરવાનગી મેળવીને ઘરનો કબજો (ભોગવટો) લેવામાં, ગુજરાત અશાંત વિસ્તારોમાંની સ્થાવર મિલકતની તબદીલી પર પ્રતિબંધ મૂકવા તથા તે વિસ્તારોમાંની જગામાંથી ભાડૂતોને ખાલી કરાવવામાંથી રક્ષણ આપવા અંગેની જોગવાઇ કરવા બાબત અધિનિયમ, ૧૯૯૧ની કલમ ૪ અથવા ૫-ની જોગવાઇઓનો કોઇ ભંગ થતો નથી તે મતલબનો સ્વ-એકરાર રજૂ કરવાનો રહેશે.<br>સ્પષ્ટીકરણ.- આ પેટા-કલમના હેતુ માટે, "અશાંત વિસ્તાર" એ શબ્દપ્રયોગનો અર્થ, ગુજરાત અશાંત વિસ્તારોમાંની સ્થાવર મિલકતની તબદીલી પર પ્રતિબંધ મૂકવા તથા તે વિસ્તારોમાંની જગામાંથી ભાડૂતોને ખાલી કરાવવામાંથી રક્ષણ આપવા અંગેની જોગવાઇ કરવા બાબત અધિનિયમ, ૧૯૯૧માં તેનો જે અર્થ કરવામાં આવ્યો છે તે રહેશે.". | સન ૧૯૯૧નો ગુજરાતનો ૧૨-મો.<br>સન ૧૯૯૧નો ગુજરાતનો ૧૨-મો. |
| ૪. | ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ (સન ૧૯૬૨-નો ગુજરાતનો ૧૦ મો) | **સન ૧૯૬૨-ના ગુજરાતના ૧૦મા અધિનિયમની કલમ ૮નો સુધારો.** | ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧માં,-<br>(૧) કલમ ૮માં, પેટા-કલમ (૧) પછી, નીચેની પેટા-કલમ અને તે હેઠળનું સ્પષ્ટીકરણ દાખલ કરવું:-<br>"(૧ક) સહકારી આવાસન મંડળીની નોંધણી કરાવવા ઇચ્છતી વ્યક્તિઓ, આવી મંડળીની નોંધણી કરાવવા માટે અરજી સાથે, આવી સહકારી મંડળીની નોંધણી થવાના કારણે, ગુજરાત અશાંત વિસ્તારોમાંની સ્થાવર મિલકતની તબદીલી પર પ્રતિબંધ મૂકવા તથા તે વિસ્તારોમાંની જગામાંથી ભાડૂતોને ખાલી કરાવવામાંથી રક્ષણ આપવા અંગેની જોગવાઇ કરવા બાબત અધિનિયમ, ૧૯૯૧ની કલમ ૪ અથવા ૫-ની જોગવાઇઓનો કોઇ ભંગ થતો નથી તે મતલબનો સ્વ-એકરાર રજૂ કરવાનો રહેશે. | |

| | | | |
|---|---|---|---|
| | | | સ્પષ્ટીકરણ.– આ પેટા–કલમના હેતુ માટે, "અશાંત વિસ્તાર" એ શબ્દપ્રયોગનો અર્થ, ગુજરાત અશાંત વિસ્તારોમાંની સ્થાવર મિલકતની તબદીલી પર પ્રતિબંધ મૂકવા તથા તે વિસ્તારોમાંની જગામાંથી ભાડૂતોને ખાલી કરાવવામાંથી રક્ષણ આપવા અંગેની જોગવાઈ કરવા બાબત અધિનિયમ, ૧૯૯૧માં તેનો જે અર્થ કરવામાં આવ્યો છે તે રહેશે."; |
| | | **સન ૧૯૯૧–ના ગુજરાતના ૧૨–મા અધિનિયમની કલમ ૨૬નો સુધારો.** | (૨) વિદ્યમાન કલમ ૨૬ને, તે કલમની પેટા–કલમ (૧) તરીકે ફરી નંબર આપવો અને આ રીતે ફરી નંબર આપેલી પેટા–કલમ (૧) પછી, નીચેની પેટા–કલમ અને તે હેઠળનું સ્પષ્ટીકરણ દાખલ કરવું:–<br><br>"(૨) સહકારી મંડળીના અધ્યક્ષ અથવા યથાપ્રસંગ, સેક્રેટરી અશાંત વિસ્તારમાં સહકારી મંડળીમાંના જમીન ખાતામાં હક, માલિકી હક અથવા હિતસંબંધ તબદીલ કરતાં પહેલાં, આવી મંડળીમાંના જમીન ખાતામાં આવા હક, માલિકી હક અથવા હિતસંબંધ તબદીલ થવાના કારણે, ગુજરાત અશાંત વિસ્તારોમાંની સ્થાવર મિલકતની તબદીલી પર પ્રતિબંધ મૂકવા તથા તે વિસ્તારોમાંની જગામાંથી ભાડૂતોને ખાલી કરાવવામાંથી રક્ષણ આપવા અંગેની જોગવાઈ કરવા બાબત અધિનિયમ, ૧૯૯૧ની કલમ ૪ અથવા ૫–ની જોગવાઈઓનો કોઈ ભંગ થતો નથી તે મતલબનો સ્વ–એકરાર રજૂ કરવાનો રહેશે. |

| | | | |
|---|---|---|---|
| | | | સ્પષ્ટીકરણ.– આ પેટા–કલમના હેતુ માટે, "અશાંત વિસ્તાર" એ શબ્દપ્રયોગનો અર્થ, ગુજરાત અશાંત વિસ્તારોમાંની સ્થાવર મિલકતની તબદીલી પર પ્રતિબંધ મૂકવા તથા તે વિસ્તારોમાંની જગામાંથી ભાડૂતોને ખાલી કરાવવામાંથી રક્ષણ આપવા અંગેની જોગવાઈ કરવા બાબત અધિનિયમ, ૧૯૯૧માં તેનો જે અર્થ કરવામાં આવ્યો છે તે રહેશે.". |

સન ૧૯૯૧નો ગુજરાતનો ૧૨–મો.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

GUJARAT BILL NO. 5 OF 2023.

# THE GUJARAT PROHIBITION OF TRANSFER OF IMMOVABLE PROPERTY AND PROVISION FOR PROTECTION OF TENANTS FROM EVICTION FROM PREMISES IN DISTURBED AREAS (REPEAL) BILL, 2023.

*A BILL*

*to repeal the Gujarat Prohibition of Transfer of Immovable Property and Provision for Protection of Tenants from Eviction from Premises in Disturbed Areas Act, 1991 in its application to the State of Gujarat.*

**સન ૨૦૨૩નું ગુજરાત વિધેયક ક્રમાંક : ૫.**

**ગુજરાત અશાંત વિસ્તારોમાંની સ્થાવર મિલકતની તબદીલી પર પ્રતિબંધ મૂકવા તથા તે વિસ્તારોમાંની જગામાંથી ભાડૂતોને ખાલી કરાવવામાંથી રક્ષણ આપવા અંગેની જોગવાઇ (રદ કરવા) બાબત વિધેયક, ૨૦૨૩.**

ગુજરાત રાજ્યને લાગુ પડતો હોય તેટલા પુરતો ગુજરાત અશાંત વિસ્તારોમાંની સ્થાવર મિલકતની તબદીલી પર પ્રતિબંધ મૂકવા તથા તે વિસ્તારોમાંની જગામાંથી ભાડૂતોને ખાલી કરાવવામાંથી રક્ષણ આપવા અંગેની જોગવાઇ કરવા બાબત અધિનિયમ, ૧૯૯૧ રદ કરવા બાબત વિધેયક.

આથી, ભારતના ગણરાજયના ચુંમોતેરમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છેઃ–

૧. (૧) આ અધિનિયમ ગુજરાત અશાંત વિસ્તારોમાંની સ્થાવર મિલકતની તબદીલી પર પ્રતિબંધ મૂકવા તથા તે વિસ્તારોમાંની જગામાંથી ભાડૂતોને ખાલી કરાવવામાંથી રક્ષણ આપવા અંગેની જોગવાઇ (રદ કરવા) બાબત અધિનિયમ, ૨૦૨૩ કહેવાશે. **ટૂંકી સંજ્ઞા અને આરંભ.**

(૨) તે તરત જ અમલમાં આવશે.

૨. ગુજરાત અશાંત વિસ્તારોમાંની સ્થાવર મિલકતની તબદીલી પર પ્રતિબંધ મૂકવા તથા તે વિસ્તારોમાંની જગામાંથી ભાડૂતોને ખાલી કરાવવામાંથી રક્ષણ આપવા અંગેની જોગવાઇ કરવા બાબત અધિનિયમ, ૧૯૯૧, આથી, રદ કરવામાં આવે છે. **સન ૧૯૯૧નો ગુજરાતનો ૧૨મો અધિનિયમ રદ કરવા બાબત.**



Scanned with OKEN Scanner

## ઉદ્દેશો અને કારણો

રાજ્યના અશાંત વિસ્તારોમાંની સ્થાવર મિલકતની અમુક તબદીલી રદબાતલ જાહેર કરવા અને આવા વિસ્તારોમાં સ્થાવર મિલકતની તબદીલી પર હંગામી પ્રતિબંધ મૂકવાના આશયથી રાજ્ય વિધાનમંડળે, ગુજરાત અશાંત વિસ્તારોમાંની સ્થાવર મિલકતની તબદીલી પર પ્રતિબંધ મૂકવા તથા તે વિસ્તારોમાંની જગામાંથી ભાડૂતોને ખાલી કરાવવામાંથી રક્ષણ આપવા અંગેની જોગવાઇ કરવા બાબત અધિનિયમ, ૧૯૯૧ અધિનિયમિત કરવામાં આવ્યો છે. અસલમાં, ઉપર્યુક્ત જોગવાઈ સન ૧૯૮૬ના અધિનિયમથી કરવામાં આવી હતી, કારણ કે સન ૧૯૮૫ના માર્ચ મહિનાના સમયગાળા દરમિયાન રાજ્યના અમુક વિસ્તારોમાં રમખાણો થયા હતા, જેના પરિણામે, એક સમુદાયના ટોળાએ રમખાણ અને હિંસાનો આશરો લીધો હતો અને તેનાથી બીજા સમુદાયનાં લોકોના રહેણાક મકાનો અને દુકાનો માનવ વસવાટ માટે અયોગ્ય બની ગયા હતા. પરિણામે અશાંત વિસ્તારોમાં અસલામતીના ભય હેઠળ ઘણી સ્થાવર મિલકતો ઓછી કિંમતે તબદીલ કરવામાં આવી હતી. તેથી, સ્થાવર મિલકતોની આવી તબદીલી રદબાતલ કરવા અને આવી તબદીલી પર હંગામી પ્રતિબંધ મૂકવાના હેતુથી સન ૧૯૮૬નો અધિનિયમ અધિનિયમિત કર્યો હતો. સન ૧૯૮૬ના વિધેયક સાથે જોડેલા ઉદ્દેશો અને કારણો તથા તારીખ ૧૩મી ઓગસ્ટ, ૧૯૮૬ના રોજ વિધેયક ઉપર ગૃહમાં થયેલી ચર્ચાઓ જોતાં એવું તદ્દન સ્પષ્ટ થાય છે કે અશાંત વિસ્તારોમાંની જાહેર જનતામાં તે નિર્દિષ્ટ સમયગાળા દરમિયાન થયેલા રમખાણો, તોફાનો અને જૂથ હિંસાને કારણે જે અસલામતીનો ભય ઉભો થયો હતો તે હેઠળ સ્થાવર મિલકતોની મોટા પાયે થયેલી તબદીલીને ધ્યાનમાં રાખીને, સને ૧૯૮૬માં આ કાયદો ખાસ ધોરણે અધિનિયમિત કરવામાં આવ્યો હતો. સન ૧૯૯૧ના અધિનિયમથી સન ૧૯૮૬નો અધિનિયમ રદ કરેલ છે, અને અશાંત વિસ્તારો જાહેર કરવા અને આવો બનાવ બને ત્યારે તબદીલી પર પ્રતિબંધ મૂકવા માટે રાજ્ય સરકારને સત્તા આપવા કાયમી કાયદો અધિનિયમિત કર્યો છે.

આ વિષય ઉપર કાયમી કાયદાથી જનતાને ઘણી મુસીબતો ઉભી થઇ છે. ઉપર્યુક્ત અધિનિયમની કલમ ૩ હેઠળ દરેકે દરેક વ્યક્તિએ મિલકત તબદીલ કરવા માટે કલેક્ટરની પૂર્વ મંજૂરી મેળવવા કલેક્ટર કચેરીનો સંપર્ક સાધવો પડે છે અને કલેક્ટર લાંબા સમય સુધી તપાસ કર્યા પછી અરજી નામંજૂર કરે તો, સંબંધિત વ્યક્તિએ રાજ્ય સરકાર સમક્ષ અપીલ કરવાની હોય છે. આનાથી ઘણી મુસીબતો થઇ છે. સમય અને નાણાંનો બગાડ થાય છે. આ કાયદાને લીધે વાજબી તબદીલીઓને પણ ઘણી પ્રતિકૂળ અસર થઇ છે, આ બાબત વહીવટમાં વ્યાપક ભ્રષ્ટાચાર અને ગેરરીતિઓનું સાધન બની ગઇ છે. દરેકે દરેક તબદીલીમાં જટિલ અને લાંબી પ્રક્રિયામાંથી પસાર થવું પડે છે. અધિનિયમની જોગવાઇઓને લીધે તબદીલીના ઘણા કેસો, કલેક્ટર કચેરીએ અથવા સચિવાલય ખાતે લાંબા સમયથી પડી રહ્યા છે અને તેથી આવું નિયંત્રણ લાદવાને કારણે સરકારને પણ ખાસ્સી આવક ગુમાવવી પડે છે. વધુમાં, અધિનિયમની કલમ ૩થી, અશાંત વિસ્તારો જાહેર કરવાની સત્તા, રાજ્ય સરકારને સોંપી છે; આ સોંપણી યોગ્ય નથી. કારણ કે આનાથી રાજ્ય સરકાર ફક્ત જાહેરનામું બહાર પાડીને કોઈપણ સમયે અશાંત વિસ્તારો જાહેર કરી શકે છે પછી ભલે તે વિસ્તારમાં રમખાણ, તોફાન અથવા જૂથ હિંસા ન હોય તે છતાં પણ ત્યાંની જાહેર જનતાને મોટી મુશ્કેલીમાં મૂકાવું પડે છે. સમગ્ર રાજ્યમાં ઘણી શાંતિ હોવા છતાં, રાજ્ય સરકારે આવું જાહેરનામું પસાર કરીને અશાંત વિસ્તારો જાહેર કર્યાના દાખલા છે.

સત્તાધિકારીઓ દ્વારા થતો દુરૂપયોગ ટાળવા માટે, મોટાભાગના લોકોને પડતી મુશ્કેલીઓ અને પ્રતિકૂળતાઓ દૂર કરવા માટે અને વહીવટમાંના વ્યાપક ભ્રષ્ટાચાર અને ગેરરીતિઓ ડામવા માટે ઉપર્યુક્ત અધિનિયમ તાત્કાલિક અસરથી રદ કરવા ધાર્યું છે.

તેથી, આ વિધેયક.

ગાંધીનગર,
તારીખઃ ૬ઠ્ઠી ફેબ્રુઆરી, ૨૦૨૩.

ઈમરાન ખેડાવાલા,
વિ.સ.સ.

Scanned with OKEN Scanner

**ગુજરાત વિધાનસભા સચિવાલય**

**[ સન ૨૦૨૩નું ગુજરાત વિધેયક ક્રમાંક : ૫ . ]**

ગુજરાત રાજ્યને લાગુ પડતો હોય તેટલા પુરતો ગુજરાત અશાંત વિસ્તારોમાંની સ્થાવર મિલકતની તબદીલી પર પ્રતિબંધ મૂકવા તથા તે વિસ્તારોમાંની જગામાંથી ભાડૂતોને ખાલી કરાવવામાંથી રક્ષણ આપવા અંગેની જોગવાઈ કરવા બાબત અધિનિયમ, ૧૯૯૧ રદ કરવા બાબત વિધેયક.

**[ શ્રી ઈમરાન ખેડાવાલા,**

**વિ.સ.સ. ]**

(સન ૨૦૨૩ના માર્ચ મહિનાની ૩જી તારીખે ગુજરાત રાજપત્રમાં પ્રસિદ્ધ કર્યા મુજબ)

**ડી. એમ. પટેલ,**
**સચિવ,**
**ગુજરાત વિધાનસભા.**

----------

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Scanned with OKEN Scanner

GUJARAT BILL NO. 5 OF 2023.

**THE GUJARAT PROHIBITION OF TRANSFER OF IMMOVABLE PROPERTY AND PROVISION FOR PROTECTION OF TENANTS FROM EVICTION FROM PREMISES IN DISTURBED AREAS (REPEAL) BILL, 2023.**

*A BILL*

*to repeal the Gujarat Prohibition of Transfer of Immovable Property and Provision for Protection of Tenants from Eviction from Premises in Disturbed Areas Act, 1991 in its application to the State of Gujarat.*

It is hereby enacted in the Seventy-Fourth year of the Republic of India as follows:-

1. (1) This Act may be called the Gujarat Prohibition of Transfer of Immovable Property and Provision for Protection of Tenants from Eviction from Premises in Disturbed Areas (Repeal) Act, 2023. **Short title and commencement.**

(2) It shall come into force at once.

2. The Gujarat Prohibition of Transfer of Immovable Property and Provision for Protection of Tenants from Eviction from Premises in Disturbed Areas Act, 1991 is hereby repealed. **Repeal of Guj. 12 of 1991.**

Hb-865

Scanned with OKEN Scanner

43

## STATEMENT OF OBJECTS AND REASONS

The Gujarat Prohibition of Transfer of Immovable Property and Provision for Protection of Tenants from Eviction from Premises in Disturbed Areas Act, 1991 has been enacted by the State Legislature with a view to declare certain transfer of Immovable Properties in the disturbed Areas of the State to be void and to prohibit temporarily the transfers of Immovable Properties in such areas. Originally, the aforesaid provision had been made by the Act of 1986 as the riots had then occurred in certain areas of the State during the period of March, 1985 with a result that mob belonging to one community resorted to riot and violence and thereby had rendered many residential houses and shop belonging to another community unfit for human habitation. Consequently many immovable properties had been transferred under the fear of insecurity in the disturbed areas at a low price. The 1986 Act was therefore, enacted with a view to making such transfers of immovable properties as void and prohibiting such transfers temporarily. Looking to the statement of objects and reasons appended to the 1986 Bill and the debates in the House on the Bill on 13th August, 1986, it is quite clear that this legislation was specifically enacted in 1986 in view of there large scale transfers of immovable properties under the fear of insecurity which was caused in the general public in the disturbed areas during that specific period of riots, disturbances and mob violence. The Act of 1991 has repealed the Act of 1986 and has enacted a permanent legislation to give power to the State Government to declare disturbed areas and prohibit transfer as and when such occasion arises.

The permanent legislation on the subject has created many hardships to the public at large. Under Section 3 of the aforesaid Act each and every person has to approach the collector office for obtaining previous sanction of the Collector for transfer of property and if the Collector after holding an inquiry for a longer time rejects the application, the person concerned has to file an appeal before the State Government. This created much hardships. Wastage of time and money, Due to this legislation, even genuine transfers are also very much adversely affected. This has also become an instrument for wide-spread corruption and mal-paractices in the Administration. Each and every transfer has to pass through a clumsy and lengthy process. Due to the provisions of the Act, so many cases of transfers are lying at the Collector Office or at the Secretariat for a very long-period and thereby the Government also loses a sizable revenue due to imposition of such restriction. Moreover, section 3 of the Act delegates the power of declaring the disturbed areas to the State Government. This delegation is not proper as the State Government can thereby declare the disturbed areas at any time by issuing just a notification and put the public at large of the area in a very much hardship even if there is no riot, disturbances or mob violence. There have been instances of the State Government publishing such a notification and declaring disturbed areas even if the whole State has remained very much peaceful.

Scanned with OKEN Scanner

To avoid the misuse by the authorities, the hardships and inconvenience to the Public at large and the wide-spread corruption and malpractices in the administration, the aforesaid Act is proposed to be repealed with immediate effect.

Hence this Bill.

**Gandhinagar,**
**Dated the 6th February, 2023.**

**IMRAN KHEDAWALA,**
**M.L.A.**

Scanned with OKEN Scanner

44

GUJARAT LEGISLATURE SECRETARIAT

[ GUJARAT BILL NO. 5 OF 2023. ]

A BILL

*to repeal the Gujarat Prohibition of Transfer of Immovable Property and Provision for Protection of Tenants from Eviction from Premises in Disturbed Area Act, 1991 in its application to the State of Gujarat.*

[ IMRAN KHEDAWALA,

M. L. A. ]

(As published in the Gujarat Government Gazette of the 3rd March, 2023)

**D. M. Patel,**
**Secretary,**
**Gujarat Legislative Assembly.**

---

Government Central Press, Gandhinagar.

Scanned with OKEN Scanner